ॐ नमः सर्वज्ञाय ।

Date

॥ प.पू. गुरुदेव श्री सुरेन्द्र - राम - जगच्चन्द्रसूरीश्वरेभ्यो नमो नमः ॥

अज्ञात जैन श्रमण विरचित

# ॥ चार्चिकवस्तुषड्द्रव्यनयादिविचार ॥

સંપા. વૈરાગ્યરતિવિ. જી ગણિ શ્રુતરત્ન.
પ્રકા. શ્રુતભવન સંશોધન કેન્દ્ર, પુણે.

ગ્રંથની ભાષા ટબા જેવી. તેનો વર્તમાન ગુજરાતીમાં ભાવાનુવાદ

— શીલચન્દ્ર વિજય.

★ આ ગ્રંથમાં પદાર્થગત અશુદ્ધિ અને મુદ્રણ અશુદ્ધિ બન્ને પુષ્કળ છે

★ આ ગ્રંથનાં અનુવાદદ્વય (પ્રાકૃત અને સંસ્કૃત) માં પણ ક્યાંક એ અશુદ્ધિઓ યથાવત્ છે કેટલાક સ્થળે શુદ્ધપાઠ છે તો કેટલાક સ્થળે નવી અશુદ્ધિ પણ સ્થાન પામી છે

★ ગ્રંથકાર ની શૈલિ જોતાં એમ લાગે કે આરંભમાં ઉપયોગ એકદમ જાગૃત છે તે આગળ જતાં શિથિલ થઈ જતો અનુભવાય છે. એક વિષય ને ન્યાય ન મળે અને અન્ય નવો વિષય ચાલુ થઈ જાય પુન: એ પૂર્વચર્ચિત વિષયની વિચારણા ચાલુ થાય.. ક્યાંક કોઈક અધુરો રહી જાય ઇત્યાદિ જોતાં આનું સ્પષ્ટીકરણ કરવાની ઇચ્છા રોકાઈ નહીં એટલે લખી દીધું. ભૂલચૂક ક્ષમા કરશોજી અને ચૂક ધ્યાન દોરશોજી

My Notes

ॐ नमः सर्वज्ञाय ।

Date

॥ નમો નમઃ શ્રી ગુરુ જગચ્ચન્દ્રસૂરયે ॥

अज्ञात जैन श्रमण विरचित

# ॥ चार्चिकवस्तुषड्द्रव्यनयादिविचार ॥

## છ દ્રવ્ય સ્વરૂપ – જીવદ્રવ્ય

૧. જીવદ્રવ્ય – તેમાં ચેતનપદાર્થ – ચેતના = ઉપયોગ

ઉપયોગ બે પ્રકારે ૧. સાકાર ૨. નિરાકાર
↓ જ્ઞાન ↓ દર્શન

જીવ બે પ્રકારે ૧. સિદ્ધ ૨. સંસારી

### સિદ્ધ નાં ભેદ

સિદ્ધ – જે અષ્ટકર્મરહિત હોય તે. તેના ૧૫ ભેદ છે.

૧. તીર્થસિદ્ધ તેમાં તીર્થ કોને કહેવાય?
જેમાં રહીને સંસાર તરી જવાય મોક્ષ પમાય તે તીર્થ તે ચતુર્વિધ સંઘ અથવા પ્રવચન વક્તા પ્રથમ ગણધર વગેરે.

સાક્ષીપાઠ – ભગ. સૂ. શ. ૨૦ ઉ. ૮. સૂ. ૬૮૨ મું.

'... તિત્થં પુણો ચાઉવણ્ણો સમણસંઘો પઢમગણહરો વા'

(૧) તીર્થની ઉત્પત્તિ થયા પછી જે સિદ્ધ થાય તે તીર્થસિદ્ધ.

(૨) તીર્થની ઉત્પત્તિ વિના (/પહેલા) તથા તીર્થનાં વિચ્છેદ થયા પછી જે સિદ્ધ થાય તે અતીર્થસિદ્ધ.
દ. મરુદેવી વગેરે. અને શ્રી ચંદ્રપ્રભ અને સુવિધિનાથ ની વચ્ચે ધર્મવિચ્છેદ થયો હતો ત્યારે કોઈક વ્યક્તિએ જાતિસ્મરણથી દીક્ષા લીધી અને મોક્ષે ગયા.

(૪) અજિન તે સામાન્ય કેવલી અર્થાત્ તીર્થંકર પદ પામ્યા વિના જે સિદ્ધ થાય તે અજિનસિદ્ધ.

(૩) અષ્ટ મહાપ્રાતિહાર્ય, અતિશયો, વાણીનાં ગુણો વગેરે રૂપ તીર્થંકરપદ ભોગવીને જે સિદ્ધ થાય તે તીર્થંકર સિદ્ધ.

(૫) જાતિસ્મરણ વગેરે દ્વારા જે સિદ્ધ થાય તે સ્વયંબુદ્ધ સિદ્ધ.

(૬) બાહ્ય પ્રત્યય (નિમિત્ત) ને જોઈને જે પ્રતિબોધ પામી સિદ્ધ થાય તે પ્રત્યેકબુદ્ધ સિદ્ધ.

My Notes

My Notes

Date

પ્ર. સ્વયંબુદ્ધ અને પ્રત્યેકબુદ્ધ માં શું વિશેષ (ભેદ) છે ?

ઉ. એ બન્ને વચ્ચે બોધિ (૧) શ્રુત (૨) લિંગ (૩) અને ઉપધિ (૪) એમ ચાર પ્રકાર નાં ભેદ છે.

| સ્વયંબુદ્ધ | પ્રત્યેકબુદ્ધ |
|---|---|
| (૧) બોધિ ભેદ | (૧) બોધિ ભેદ |
| - તે બાહ્ય પ્રત્યય (નિમિત્ત) વિના જ જાતિસ્મરણ થી પ્રતિબોધ પામે અથવા અવધિજ્ઞાન થી પ્રતિબોધ પામે તે તીર્થંકર અને અતીર્થંકર બન્ને વચ્ચે જુદાપણું છે. કારણ કે તીર્થંકર સાક્ષાત્ ૩ જા ભેદ માં કહ્યા છે માટે. | - તે બાહ્ય કારણ વૃષભ, ઈન્દ્રધ્વજ વગેરે જોઈ પ્રતિબોધ પામે.<br>- તે નિયમા એકાકી વિચરે. |
| (૨) અને (૩) શ્રુત અને લિંગ ભેદ | (૨) અને (૩) શ્રુત અને લિંગ ભેદ. |
| - જો પૂર્વાધીત શ્રુત હોય તો લિંગ દેવતા આપે અથવા ગુરુ સમીપે જઈ ને પણ લિંગ = સાધુવેષ - રજોહરણ વગેરે પ્રાપ્ત કરે. સમર્થ હોય તો એકાકી વિચરે અન્યથા ગચ્છ માં જ વિચરે અને જો પૂર્વાધીત શ્રુત ન હોય તો અવશ્ય ગુરુ પાસે આવી ને જ વેષ ગ્રહણ કરે અને ગચ્છ ની સાથે જ વિચરે એવો નિયમ છે. | - જઘન્ય થી ૧૧ અંગ અને ઉત્કૃષ્ટ થી કંઈક ન્યૂન ૧૦ પૂર્વ નું જ્ઞાન હોય<br>- લિંગ દેવતા આપે અથવા લિંગ રહિત પણ હોય |
| (૪) ઉપધિ ભેદ | (૪) ઉપધિ ભેદ |
| - પાત્રા વગેરે ૧૨ પ્રકાર ની ઉપધિ હોય. | - જઘન્ય થી બે પ્રકાર ની ઉપધિ અને ઉત્કૃષ્ટ થી નવ પ્રકાર ની ઉપધિ હોય. |

આ સિવાય પણ બન્ને વચ્ચે ઉપધિ નાં ભેદ જાણવા.

(૭) જે બુદ્ધ તે આચાર્ય તેમના ઉપદેશ થી જે દીક્ષા ગ્રહણ કરે તે બુદ્ધબોધિતસિદ્ધ

(૮) સ્ત્રી નું લિંગ = ચિહ્ન તે ત્રણ પ્રકાર નું છે

૧. સ્ત્રીવેદ તે પુરુષાભિલાષ લક્ષણ કુંફુમદાહ સમાન

૨. શરીર નિર્વૃત્તિ તે નિતંબ - સ્તન - ભગાદિ લક્ષણ.

૩. નેપથ્ય તે બાહ્યકૃત શૃંગાર - તિલક - તંબોળ - નેત્રાંજન - વસ્ત્ર - હાર - ડોર - નુપુરાદિ લક્ષણ. તેમાં અહિં શરીરનિર્વૃત્તિ લક્ષણ લિંગ હોતે છતે ચારિત્ર પ્રાપ્ત કરે તો કેવલજ્ઞાન પામે અને એ રીતે જે મોક્ષે જાય તે સ્ત્રીલિંગસિદ્ધ

# • સ્ત્રી મોક્ષ વિચાર •

Date — અહીં કોઈ પ્રશ્ન કરે કે સ્ત્રીલિંગસિદ્ધ વેદનું વર્ણન શા માટે? તેમને આમ કહેવું —

કે વેદસહિત યથાખ્યાત ચારિત્ર ન પામે અને કેવલજ્ઞાન પણ ન પામે. ૯મે ગુણઠાણે વેદ છૂટે પછી જ ઉપરનાં ગુણઠાણે ચડવાનું બને. અને પછી ત્યાં સકલ ઘાતિકર્મનો ક્ષય કરે માટે વેદલક્ષણ લિંગનું વર્ણન કરવામાં આવ્યું છે.

તથા શૃંગાર લક્ષણ લિંગ એ કાંઈ મુખ્ય નથી કારણ કે ૧૬ શણગાર સજીને સિંહાસન પર બેઠેલી શુભધ્યાનમાં ભાવના ભાવતી એવી સ્ત્રી પણ કેવલજ્ઞાન પામી શકે છે અને શૃંગાર રહિત નગ્ન અવસ્થાએ બેઠેલી સ્ત્રી પણ કેવલજ્ઞાન પામી શકે છે માટે શૃંગાર એ મોક્ષમાં બાધક નથી.

અને શરીરનો આકાર તો વિશેષે કરીને બાધક નથી જ કારણ કે મનુષ્યગતિ એ મનુષ્યનું આયુષ્ય જ્યાં સુધી છે ત્યાં સુધી તે શરીરનો આકાર તો રહેવાનો જ.

અહીં કોઈ દિગંબરમતધારક પૂછશે —

(૨) કે સ્ત્રીને તો મોક્ષ છે જ નહીં અને તે મોક્ષ તો ચારિત્રાધીન છે તથા ચારિત્ર તો સ્ત્રીને ઉદયમાં ન આવે તે કેવી રીતે? —

તો આ રીતે — સ્ત્રીને સર્વથા પુરુષ વિના રહેવું ન ઘટે, સ્ત્રીનાં અંગોપાંગ તે સર્વથા પુરુષને પરાભવ કરનારા છે માટે તે ખુલ્લા રાખવા નહીં. તે ઢાંકવા માટે વસ્ત્ર અવશ્ય રાખવા પડે. અને વસ્ત્ર રાખે ત્યારે તે પરિગ્રહ થાય અને પરિગ્રહવાળા ગૃહસ્થને મૂર્છા હોય તેવા સમયે તેને સંયમ કેમ કહેવાય? કેવી રીતે ઘટે? તે માટે સ્ત્રીને ચારિત્ર નથી. અને આ રીતે ચારિત્ર વિના મોક્ષ કેવી રીતે પામે? અર્થાત્ સ્ત્રી મોક્ષ ન પામે.

← સાર સંક્ષેપ

સ્ત્રી પુરુષાધીન
↓
તેના અંગો પરાભવકારી
↓
તેને ઢાંકવા વસ્ત્રો
↓
તે પરિગ્રહ
↓
તદ્વાનને તેમાં મૂર્છા
↓
તેથી ચારિત્ર ન ઘટે
↓
ચારિત્ર વિના મોક્ષ નહીં.

My Notes

Date

(2) તથા સંસારમાં સર્વોત્કૃષ્ટ પદવીની પ્રાપ્તિ સર્વોત્કૃષ્ટ અધ્યવસાયથી થાય છે. આ વચન દિગંબર અને શ્વેતાંબર ઉભયને સમ્મત છે.

સર્વોત્કૃષ્ટ પદ બે પ્રકારનું છે.

(1) સર્વોત્કૃષ્ટ પદ – દુઃખનું સ્થાનક

(2) ,, – સુખનું સ્થાનક

તેમાં સર્વોત્કૃષ્ટ દુઃખ તો ૭ મી નરકપૃથ્વીમાં છે. અને સર્વોત્કૃષ્ટ સુખ મોક્ષપદમાં છે. એમાં સપ્તમ-નરકગમન તો સ્ત્રીને વર્જ્યું છે. કા. કે તદ્ પ્રાયોગ્ય પાપ દ્વારા ઉપાર્જિત = સંચિત એવું કર્મવીર્ય = સામર્થ્ય એ સ્ત્રી પાસે નથી. તેવી રીતે મોક્ષપદ ને પ્રાપ્ત કરવા માટેનું મનોવીર્ય = સામર્થ્ય પણ સ્ત્રી પાસે ક્યાંથી હોય? માટે સ્ત્રીને મોક્ષ ન ઘટે.

સર્વોત્કૃષ્ટ અધ્યવસાય
↓
સર્વોત્કૃષ્ટપદ

૭ મી નરક ↓ દુઃખનું સ્થા. ↓ સ્ત્રીને વર્જ્ય છે ↓ કા. સામર્થ્યાભાવ

મોક્ષપદ ↓ સુખનું સ્થા. ↓ તેમ મોક્ષપણ વર્જ્ય કેમ નહીં? માટે સ્ત્રીને મોક્ષ કહ્યો નથી.

(3) તથા સ્ત્રીએ પૂર્વભવને વિષે માયામોહનીય કર્મ બાંધ્યું હોવાથી આ ભવે સ્ત્રીવેદ પામ્યો છે તેથી સ્ત્રીઓ માયાવી હોય છે અને સ્વભાવે કુટિલ હોય છે. એ ન્યાયે સ્ત્રીઓ ચારિત્ર ન પામે.

પૂર્વભવ
↓
માયામોહ. કર્મબંધ
↓
આ ભવ
↓
સ્ત્રી
↓
માયાવી અને સ્વભાવે કુટિલ
↓
તેથી ચારિત્ર ન પામે.

(4) તથા સાધુ તો વનવાસી હોય. જ્યાં ઘણા મનુષ્યો વગેરે નો સંઘટ્ટો = ભીડ હોય ત્યાં સાધુ ન રહે. શા માટે? કા. કે ત્યાં લોકની વચ્ચે રહેતાં સાધુને જ્ઞાન-ધ્યાન-મૌનનો

My Notes

Date વ્યાઘાત થાય તે માટે.

અને સ્ત્રીને તો એકાકી રહેવું ન ઘટે, જ્યાં વસતિ હોય ત્યાં જ રહેવું કા. કે સ્ત્રીને એકાકી વિચરતાં શીલને ધક્કો લાગે અને વસતિમાં ઘણાની વચ્ચે રહેતાં પ્રતિબંધ અર્થાત્ રાગ-દ્વેષ થાય તેથી સ્ત્રીને ચારિત્ર ન ઘટે અને મોક્ષ પણ નહીં એમ દિગંબરો કહે છે.

સ્ત્રી → વસતિમાં જ રહે
↓
એકાકી રહે → તેથી → તેથી પ્રતિબંધાદિ થાય
↓
તો શીલને ધક્કો લાગે → તેથી ચારિત્ર ન ઘટે અને
↓
તે વિના મોક્ષ પણ નહીં.

આ રીતે અહીં દિગંબરે સ્ત્રી ચાર કારણથી મોક્ષ ન પામી શકે એમ કહ્યું.

(૧) સ્ત્રીને અંગ ઢાંકવા વસ્ત્ર આવશ્યક તે પરિગ્રહ-મૂર્છા તેથી ચારિત્ર + મોક્ષ ન ઘટે.

(૨) સ્ત્રીને ૭ મી નરકે ગમન વર્જ્યું છે તેમ મોક્ષ પણ વર્જ્યું હોય

(૩) સ્ત્રી માયાવી તથા સ્વભાવે કુટિલ તેથી ચારિત્ર ન મોક્ષ ન પામે.

(૪) સ્ત્રીને વસતિમાં જ રહેવાપણું હોવાથી પ્રતિબંધાદિ થાય તેથી ચારિત્ર+મોક્ષ ન ઘટે.

હવે આ વાતોનું ખંડન શ્વેતાંબર કરે છે તેને જોઈએ -:

તે કહે છે કે ——

(૧) સ્ત્રીને વસ્ત્ર એ પરિગ્રહ છે એમ ન કહેવું કા. કે મૂર્છા એ પરિગ્રહ છે વસ્ત્ર એ પરિગ્રહ નથી. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે —

'મુચ્છા પરિગ્ગહો વુત્તો' - (દશવૈ. અ. ૬. ગા. ૨૦)

આ વાત સિદ્ધાંતમાં કહી છે. અને તેથી જ ભરત ચક્રવર્તી ષટ્ખંડ ભોક્તા, ૬૪ હજાર અંતપુર સહિત આરીસા ભવનમાં બેઠા છતાં સઘળાય અલંકાર સહિત, શોભાયમાન થયાં છતાં કેવલજ્ઞાન પામ્યા કા. કે તે વસ્તુ થકી મૂર્છા રહિત થયા હતા.

માટે જીવને મોટો પરિગ્રહ તે તો મમત્વભાવ જ છે અને જે મમત્વભાવ રહિત છે તેવા જીવને તો ધન-ધાન્યાદિક સંગ્રહ પણ જરાય બાધક નથી.

નહીંતર સંસારમાંથી બધા જ દરિદ્ર પુરુષો કેવલજ્ઞાન પામીને મોક્ષમાં પહોંચી જાત. તેઓની (દરિદ્ર પુરુષોની) પાસે કોડી માત્ર પણ પરિગ્રહ જોવા મળતો નથી. તેવા અનેક જીવો સંસારમાં રખડતાં એટલે કે દુઃખી એવાં રખડતાં દેખાય છે. તેમ છતાંય તેઓની પાસે મૂર્છા રૂપ મોટો પરિગ્રહ છે તેના કારણે તેઓને શૂળદશા પ્રગટ

My Notes

થતી નથી.

Date

તથા શ્રી વીતરાગદેવે બે કલ્પ કહ્યા છે.

① જિનકલ્પ. ② સ્થવિર કલ્પ.

તેમાં જિનકલ્પ તે સ્ત્રીને ન જ હોય પણ સ્થવિર કલ્પ તો હોય.

② તથા વળી તમે (દિગંબર) જે કહો છો કે 'ઉત્કૃષ્ટપદનું સાધક એ મનોબળ છે તે સ્ત્રીને ન હોય તેથી જેમ સ્ત્રી સાતમી નરકે ન જાય તેમ મોક્ષમાં પણ ન જાય' એવો કોઈ નિયમ નથી.

જેમ કોઈક પુરુષને (સમેરે) ખેતર ખેડવાની શક્તિ છે પણ શાસ્ત્રાભ્યાસ કરવાની શક્તિ નથી. તેથી શું થયું? કોઈને કોઈ એક કર્મ=કાર્યનું સામર્થ્ય નથી એવા જીવને બીજા કર્મ=કાર્યનું સામર્થ્ય સંભવે છે જો આમ નહીં માનો તો ઘણી વાતોનું ખંડન થશે. અર્થાત્ ઘણા નિયમો ભાંગી પડશે. તથા બાજુ દ. જોઈએ તો જેમ ભુજપરિસર્પ જીવો ૨જી નરક સુધી જ જાય છે અને પક્ષીઓ ૩જી નરક સુધી જ જાય છે. એક સરખું પાપ ઉપાર્જન કરે તો પણ. અને ઉપર જાય તો સહસ્ત્રાર (૮મો) દેવલોક સુધી જ જાય છે તેથી તે બન્નેનું મનોબળ તો સરખું છે પરન્તુ અધોગમન થોડું છે અને ઉર્ધ્વગમન ઘણું માટે એ નિયમ કહેવો ઉચિત નથી.

એટલે સ્ત્રી પાપઉપાર્જનથી છઠ્ઠી નરક સુધી જ જાય છે તેમાં એનો એવો સ્વભાવ કારણ છે. અને સ્ત્રીમાં પણ જ્યારે ઉત્કૃષ્ટ સંવર પ્રગટે ત્યારે એ મોક્ષપદ પામે જ

③ તથા તમે જે એમ કહ્યું કે સ્ત્રીને માયામોહનીયકર્મ ઘણું છે તેથી ચારિત્ર ઉદયમાં ન આવે આ સંબંધમાં તમને પૂછવાનું કે —

મોહનીયકર્મનો ઉપશમ અને ક્ષય બન્ને થાય છે પણ એમ તો કોઈ ન કહે કે સ્ત્રીને મોહનીયકર્મનો ક્ષય કે ઉપશમ થતો નથી અને જો ક્ષય/ઉપશમ ન થતો હોય તો પછી તમે સ્ત્રીને દેશવિરતિ પણ કેમ માનો છો? કા. કે —

અનંતાનુબંધી કષાયનો ક્ષય અથવા ઉપશમ થાય ત્યારે સમ્યક્ત્વ પમાય અને અપ્રત્યાખ્યાનીય કષાયનો ક્ષય અથવા ઉપશમ થાય ત્યારે દેશવિરતિ પણ પમાય છે આટલી એટલે કે સમ્યક્ત્વ અને દેશવિરતિની પ્રાપ્તિ સ્ત્રીને થઈ શકે આટલું તો તમે પણ માનો છો તો પછી સર્વવિરતિની પણ પ્રાપ્તિ સ્ત્રીને થાય જ એવું કેમ નથી માનતા?

તથા ગોમ્મટસાર ની ગાથામાં તો સ્ત્રીને પણ મોક્ષ કહ્યો છે.

Date

તે ગાથા ——

અડયાલા પુંવેયા, इत्थीवेया य हुंति चालीसा ।
इत्थीनपुंसगवेया समए एगेण सिज्झंति ॥

— આ રીતે તમારા સિદ્ધાંત માં પણ સ્ત્રી ને મોક્ષ છે એવા પાઠો જોવા મળે છે. તેમજ કર્મગ્રંથ - ગુણસ્થાનક્રમારોહ વગેરે ગ્રંથોને વિચારતાં પ્રસિદ્ધપણે = સ્પષ્ટપણે સ્ત્રી ને મોક્ષ ઘટે છે.

તથા ૯ માં અનિવૃત્તિકરણ ગુણઠાણા સુધી ત્રણેય વેદ નો ઉદય છે ત્યાં (૯ માં ગુણઠાણે) ૬૬ પ્રકૃતિ નો ઉદય છે. ત્યારપછી ૧૦ માં સૂક્ષ્મ સંપરાય ગુણઠાણે પણ* ૬૬ પ્રકૃતિ નો ઉદય છે

ત્રણ વેદ અને સંજ્વલન ક્રોધ - માન અને માયા એ છ પ્રકૃતિ ત્યાં એટલે કે ૧૦ માં ગુણઠાણે ન હોય એમ ઉદયાધિકારમાં કહ્યું છે. આનાથી એ સિદ્ધ થાય છે કે સ્ત્રી ને સર્વવિરતિ ચારિત્ર છે ૯ માં ગુણઠાણાને પણ પામે છે એ તમે વિચારજો..

(૪) તથા એમ જે કહ્યું કે સ્ત્રી ને એકાકી વિચરવું ન ઘટે કેમકે જો સ્ત્રી એકલી વિચરે તો શીલ ને ધક્કો લાગે અને પંચમાંહિ એટલે વસતિવચ્ચે રહે તો મમત્વભાવ જાગે આ પણ દિગંબરો વિચાર્યા વગર બોલે છે. કારણકે

એકાકી વિચરતાં મમત્વ ન પણ થાય, જો મનશુદ્ધિ છે તો કાંઈ શીલભંગ થતો નથી. સ્ત્રી માં તો એવી ધીરજ જોવા મળે છે કે જેથી દેવતાઓ પણ સ્ત્રી ને ડોલાવી શકતા નથી - ચલિત કરી શકતાં નથી.

તથા પંચમાં = વસતિ માં રહેતાં મમત્વ ન પણ થાય જો સ્ત્રી પણ વીતરાગ અવસ્થા દિલ માં ધારણ કરે તો.

સંસાર માં રહેતાં જુલ ને બંધન તે સરાગપણું છે તે જો ઉપશમ્યું છે તો પછી વન માં કે ઘર માં ક્યાંય પણ જુલ ને બંધનપણું નથી. બંધમાં એક રાગાદિલક્ષણ અશુદ્ધ ઉપયોગ છે તે માટે શ્રી વીતરાગ પ્રભુની આજ્ઞા જોતાં = વિચારતાં સ્ત્રી ને પણ મોક્ષ થાય છે એટલે આ બધી જ વાતો ને વિચારતાં એમ લાગે છે કે દિગંબરો કેવળ હઠ ને જ પોષે છે.

આ રીતે અહીં સ્ત્રીમોક્ષવિચાર પૂર્ણ થાય છે.

સ્ત્રીલિંગસિદ્ધ એ આઠમો ભેદ સિદ્ધ નો જાણવો.

**અથ શ્વેતાંબર પક્ષ - ઉત્તરપક્ષ સાર સંક્ષેપ:**

વસ્ત્ર —— એ —— પરિગ્રહ —— નથી ✗
મૂર્છા —— એ —— પરિગ્રહ —— છે. ✓

* ૧૦ ગુણઠાણે ૬૬ નહીં પણ ૬૦ પ્રકૃતિનો ઉદય હોય.

My Notes

Date

①

સ્ત્રી ને ↓ વસ્ત્રાદિ માં ↓ મૂર્છા એ ↓ પરિગ્રહ તો ↓ મોક્ષ નથી.

સ્ત્રી ને ↓ વસ્ત્રાદિ માં ↓ મૂર્છા નથી પણ ↓ પરિગ્રહ છે તો ↓ મોક્ષ થાય

દરિદ્રભિખારે ↓ મૂર્છા છે ↓ પરિગ્રહ નથી ↓ મોક્ષ ન થાય

કલ્પ

- સ્થવિરકલ્પ
  - સાધુ
  - સાધ્વી
  - → મોક્ષ ઘટે.
- જિનકલ્પ
  - માત્ર સાધુ
  - → મોક્ષ ઘટે.

②

સ્ત્રી ને પણ ↓ ઉત્કૃષ્ટ સંવર તો ↓ મોક્ષ

સ્ત્રી ↓ પાપોપાર્જન ↓ છઠ્ઠી નરક ↓ તથાસ્વભાવ

→ કા. કે જેટલું અધોગમન થાય એટલું જ ઉર્ધ્વગમન થાય એવો કોઈ નિયમ નથી.

③

સ્ત્રી ↓ મોહનીયકર્મ ↓ ક્ષયોપશમ ↓ સર્વવિરતિ → જેમ તમે દિગંબર સમ્ય. અને દેશવિ. તો માનો જ છો તો સર્વવિ. પણ ઘટે.
↓ મોક્ષ → ગોમ્મટસાર ની ગાથામાં સ્ત્રીને મોક્ષ કહ્યો છે.

④

સ્ત્રી ↓ એકલી વિહાર કે વસતિમાં ભ્રમણ ↓ જો મનશુદ્ધિ = પ્રતિબંધાદિ નથી ↓ તો મોક્ષ

સ્ત્રી ↓ એકલી હોય તો ય ↓ અદ્ભુત ધૈર્ય ↓ દેવો પણ ચલિત ન કરી શકે ↓ શીલભંગ અશક્ય ↓ મોક્ષ શક્ય

નિષ્કર્ષ :-

① સ્ત્રીને પણ વસ્ત્રાદિ માં મૂર્છા રૂપ પરિગ્રહ નથી તો સ્થવિરકલ્પે મોક્ષ ઘટે.

② જેટલું અધોગમન હોય તેટલું જ ઉર્ધ્વગમન થાય એવો નિયમ નથી માટે સ્ત્રીને પણ ઉત્કૃષ્ટ સંવર પ્રગટે તો મોક્ષ ઘટે.

③ સ્ત્રીને સમ્યક્ત્વ અને દેશવિ. ની જેમ સર્વવિરતિ પણ શક્ય છે માટે મોક્ષ ઘટે.

④ સ્ત્રી એકલી વિચરે કે વસતિમાં પણ જો મનશુદ્ધિ છે પ્રતિબંધાદિ નથી તો મોક્ષ થઈ શકે.

Date (૯) પુરુષલિંગ તે પણ ત્રણ પ્રકારનું છે
૧. વેદ ૨. શૃંગાર ૩. આકાર તેમાં વેદનું વર્જન કરવું કા.કે વેદ હોતે છતે નિશ્ચયથી મોક્ષ નથી. શૃંગાર એ અપ્રધાન છે કેમકે તે હોય કે ન હોય બન્નેય પરિસ્થિતમાં મોક્ષ શક્ય છે. અને આકાર હોતે છતે મોક્ષ સંભવ છે એટલે પુરુષાકારે મોક્ષ પામે તે પુરુષલિંગસિદ્ધ કહેવાય

(૧૦) નપુંસકલિંગ તે પણ ત્રણ પ્રકારનું છે. ૧. વેદ. ૨. શૃંગાર અને ૩. આકાર. તેમાં વેદ અને શૃંગાર વર્જ્યા. આકારમાં મોક્ષ છે. તે આકાર ત્રણ પ્રકારનો છે –
(૧) એક તો ઈન્દ્રિયને છેદીને વૃષણાદિકમાં જે ઓજા= કરવામાં આવે તે.
(૨) બીજો જેનાં ઈન્દ્રિયનાં અવયવો જેમ છે તેમ જ હોય પરંતુ બાલ્યાવસ્થામાં કામાદિક કુચેષ્ટા કરવાથી જેણે ઈન્દ્રિયનું મૂલથકી બળ ગુમાવી દીધુ હોવાથી નપુંસક થાય તે.
(૩) ત્રીજો તે જન્મજાત નપુંસક હોય તે.

આ ત્રણેયને લોકમાં નપુંસક કહેવાય છે પણ પરમાર્થથી જોતાં પહેલા બેને તો નપુંસકપણું ન કહેવાય કા.કે તે બન્નેને પુરુષવેદનો અભિલાષ હોય છે. તેઓ ભોગને માટે સ્ત્રીને વાંછે = ઈચ્છે પણ પુરુષને ઈચ્છતાં નથી. પણ શું કરે? પોતાના અવયવ સમર્થ ન હોવાથી યોનિભોગ થઈ શકતો નથી. તેમાં કારણ બીજુ કુચેષ્ટા આદિ છે નપુંસકતા નથી. જન્મજાત તો પુરુષવેદ જ છે નપુંસકવેદ નથી. નપુંસકવેદ તો જે જન્મજાતક થી નપુંસક હોય તેને જ નપુંસક કહેવાય અને એવા નપુંસકને તો પુરુષ અને સ્ત્રી બન્નેયની અભિલાષા – વાંછા હોય છે. એને જ નપુંસક કહેવાય.

અહીં વૃદ્ધ આચાર્યો તો એમ કહે છે કે જે સ્વભાવથી જન્મજાત નપુંસક હોય તેને ચારિત્ર પ્રાપ્ત ન થાય તો પછી તે મોક્ષપદ તો કેવી રીતે પામે? તે માટે કૃત્રિમ નપુંસકનું ગ્રહણ કરવું.

અને નવીન આચાર્યો એમ કહે છે કે જે કૃત્રિમ છે તેને નપુંસક ન કહેવાય નપુંસકવેદ તો જેને ઉદયાગત = ઉદયપ્રાપ્ત હોય તેને જ કહેવાય કૃત્રિમને તો પુરુષવેદ ઉદયાગત = ઉદયપ્રાપ્ત હોય છે એ માટે તેને તો પુરુષવેદ જ કહેવાય આ પદાર્થ વિચારજો..

અહીં આકારનાં ત્રણ પ્રકારમાં પ્રથમનાં બે પ્રકારમાં જેઓ રહેલા છે તેવા કૃત્રિમ નપુંસક ચારિત્ર પામી મોક્ષે જાય તે નપુંસકલિંગસિદ્ધ કહેવાય

તથા અહીં શૃંગારનું વર્જન શા માટે કર્યું તે વિચારણીય છે શૃંગારને પૂર્વની જેમ એટલે કે પુરુષવેદમાં કથન કર્યું તેમ અપ્રધાન કહેવું જોઈએ શૃંગાર હોતે છતે મોક્ષ થાય પણ ન પણ થાય એમ સમજાય છે.

My Notes

(૧૧) સ્વલિંગ તે રજોહરણ - મુખવસ્ત્રિકા પ્રમુખ તે હોતે છતે સિદ્ધ થાય તે સ્વલિંગસિદ્ધ કહેવાય

(૧૨) અન્યલિંગ તે તાપસ વગેરે પણ કેવલજ્ઞાન પામી મોક્ષે જાય તે અન્યલિંગસિદ્ધ કહેવાય

(૧૩) ગૃહિલિંગ તે ગૃહસ્થના વેષમાં ભરત મ. સિદ્ધ થયા તે ગૃહિલિંગસિદ્ધ કહેવાય

> અહીં ભરત મ. નું ઉદા. આપ્યું તે કેવી રીતે ઘટે તે વિચારણીય છે નવતત્ત્વપ્ર.ની ગા. માં પણ ભરત મ. નું ઉદા. આપ્યું છે પણ તેઓ ગૃહિલિંગે કેવલજ્ઞાન પામ્યા છે સિદ્ધ તો સ્વલિંગે જ થયા છે માટે આ દૃ. કેમ લેવાયું છે તે વિચારવું અથવા અન્ય દૃ. મુકવું જોઈએ.

(૧૪) એક સમયમાં એક જીવ સિદ્ધ થાય તે એકસિદ્ધ કહેવાય

(૧૫) એક સમયમાં અનેક જીવ સિદ્ધ થાય તે અનેકસિદ્ધ કહેવાય

આ રીતે સિદ્ધ નાં (૧૫) ભેદ થયા. આ સિવાય બે ભેદ અહીં બતાવે છે. (૧) જે સિદ્ધપર્યાય ની પ્રાપ્તિ નાં મધ્ય સમયમાં જેઓને સમયમાત્રનું પણ આંતરૂં ન થાય તે અનન્તરસિદ્ધ કહેવાય અને

(૨) જેને સિદ્ધપર્યાય ની પ્રાપ્તિમાં વચ્ચે આંતરૂં પડે તે પરંપરસિદ્ધ કહેવાય

હવે સંસારી જીવ કહેવાય છે તે પણ બે પ્રકારનાં છે. (૧) સ્થાવર (૨) ત્રસ. તેમાં સ્થાવર પાંચ પ્રકારનાં છે. (૧) પૃથ્વી (૨) અપ્ (૩) તેઉ (૪) વાયુ (૫) વનસ્પતિકાય આ પાંચેય નાં સૂક્ષ્મ અને બાદર એમ બે ભેદ છે.

અને ત્રસ જીવનાં ચાર ભેદ છે.

૧. બેઈન્દ્રિય ૨. તેઈન્દ્રિય ૩. ચઉરિન્દ્રિય ૪. પંચેન્દ્રિય

પંચેન્દ્રિયનાં ચાર ભેદ છે.

૧. દેવ ૨. મનુષ્ય ૩. નરક ૪. તિર્યંચ. આ બધા નાં ભેદ વિસ્તારથી જીવવિચાર વગેરે પ્રકરણ માંથી જાણી લેવા.

તે જીવદ્રવ્ય અનંતા છે. તેમાં ચેતનગુણ છે. નર-નારકાદિ પર્યાય છે.

ગુણ અને પર્યાયથી યુક્ત હોય તેને દ્રવ્ય કહેવાય. ગુણપર્યાયવદ્ દ્રવ્યમ્ (તત્ત્વા. અ.૫. સૂ. ૩૭) એ વચનથી.

આ પ્રમાણે જીવદ્રવ્ય જાણવું. ઇતિ.

Date

My Notes

હવે અજીવ દ્રવ્ય કહેવાય છે તેનાં પાંચ પ્રકાર છે. તે કહે છે.-

## ધર્માસ્તિકાય

ધર્મદ્રવ્ય -: ગતિ પર્યાયનો આશ્રય કરતાં એવાં જીવ અને પુદ્ગલ ને જે સહકારી કારણ સ્વરૂપે છે તેને ધર્મ

જ્યાં જ્યાં ધર્મદ્રવ્ય છે ત્યાં ત્યાં જીવ અને પુદ્ગલની ગતિ છે. અલોક ને વિષે ધર્મદ્રવ્ય નથી ત્યાં જીવ અને પુદ્ગલ ની પણ ગતિ નથી. અહીં દૃષ્ટાંત કહે છે — જેમ મત્સ્ય ની ગતિમાં સહકારી કારણ જલ છે એટલે જ્યાં જ્યાં પાણી છે ત્યાં ત્યાં મત્સ્યની ગતિ છે અને જ્યારે પાણીની બહાર સ્થળ ને વિષે મત્સ્ય પડ્યો હોય ત્યારે ગતિ હોતી નથી. કારણ કે સહકારી કા. પાણી નથી. માટે. તેમ ધર્મ પણ જીવ અને પુદ્ગલની ગતિ ને વિષે સહકારી કારણ છે.

એ ધર્મદ્રવ્ય એક છે તો પણ નયભેદે કરી એ ત્રણ પ્રકારનો છે.

> સંગ્રહનયથી અસંખ્યાતા પ્રદેશાત્મક એક ધર્માસ્તિકાય છે.

> વ્યવહારનયથી પોતાની બુદ્ધિથી કલ્પેલા એ ધર્માસ્તિકાયનાં દ્વિભાગ, ત્રિભાગ, અનુભાગ વગેરે ઘણા પ્રદેશ છે.

> ઋજુસૂત્રનયથી ધર્માસ્તિકાય અસંખ્ય પ્રદેશાત્મક છે. તે પ્રત્યેક પ્રદેશને ધર્માસ્તિકાય કહેવાય. તથા સ્કંધ, દેશ અને પ્રદેશ એ ત્રણેય ને ધર્માસ્તિકાય કહેવાય.

ધર્માસ્તિકાયનો ગુણ તે ગતિ લક્ષણ છે અને
" પર્યાય તે અગુરુલઘુ છે.

## અધર્માસ્તિકાય

અધર્મદ્રવ્ય-: સ્થિતિપર્યાયનો આશ્રય કરતાં એવા જીવ અને પુદ્ગલને જે સહકારી કારણ સ્વરૂપે છે તે અધર્મદ્રવ્ય છે.

જ્યાં જ્યાં અધર્મદ્રવ્ય છે ત્યાં ત્યાં જીવ અને પુદ્ગલ ની પણ સ્થિતિ છે. અલોક ને વિષે અધર્મદ્રવ્ય નથી તો ત્યાં જીવ અને પુદ્ગલ ની સ્થિતિ પણ નથી. તેમાં દૃષ્ટાંત કહે છે —: સ્થિતિ પર્યાયનો આશ્રય કરતાં એવા પથિકને છાયા તે સહકારી કા. છે. સંસારને વિષે ખેદમાં પડેલો જીવ જ્યાં વૃક્ષ ની સુંદર છાયા છે ત્યાં વિશ્રામ લઈ શાતા પામે છે. તેમ જ્યાં અધર્મદ્રવ્ય છે ત્યાં જ જીવ અને પુદ્ગલ વિશ્રામ લઈ રહ્યા છે.

તે અધર્માસ્તિકાય અસંખ્યપ્રદેશ સ્વરૂપ છે. —

તે સંગ્રહનયથી એક સ્કંધ સ્વરૂપ છે.

તે વ્યવહારનયથી બુદ્ધિદ્વારા પરિકલ્પિત દ્વિભાગ, ત્રિભાગ વગેરે ઘણા ભેદ છે તે સ્વયં વિચારી

My Notes

Date

તેને ધર્માસ્તિકાય કહેવાય. તથા

ઋજુસૂત્ર નયથી જે અસંખ્ય પ્રદેશ છે તે પ્રત્યેક પ્રદેશો અધર્મ દ્રવ્ય છે. તે સ્કંધ, દેશ અને પ્રદેશ એમ ત્રણ પ્રકાર નો અધર્માસ્તિકાય છે.

તેનો ગુણ સ્થિતિ લક્ષણ છે અને

પર્યાય અગુરુલઘુ છે.

## આકાશાસ્તિકાય

આકાશ દ્રવ્ય -: તે જીવાદિક પાંચ (જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ અને કાળ) નું ભાજન અર્થાત્ આધારસ્થાન તે આકાશદ્રવ્ય છે. તે આકાશ ને વિષે પોતપોતાના સ્વરૂપમાં સકલ દ્રવ્ય વ્યાપીને રહ્યા છે.

તે આકાશ બે પ્રકારનું છે.

(૧) લોકાકાશ (૨) અલોકાકાશ

લોક તેની ઉંચાઈ ૧૪ રાજ પ્રમાણ છે અને

પહોળાઈ અનિયત પ્રમાણ છે. પણ તેને ઘન કરીએ તો એ લોક લાંબો-પહોળો દેશોન સાત રાજ પ્રમાણ સમાન હોય.

★ અલોક અનંતો છે અને ગોળ આકાર નો છે.

લોક ને વિષે સમસ્ત જીવાદિ પદાર્થો છે

અલોક તો શૂન્ય છે.

- સંગ્રહ નયથી આકાશ દ્રવ્ય અનંત પ્રદેશાત્મક લોકાલોક પ્રમાણ એક સ્કંધ છે.
- વ્યવહાર નયથી બુદ્ધિ દ્વારા પરિકલ્પિત દ્વિભાગ, ત્રિભાગ, ચતુર્ભાગ વગેરે અનેક પ્રદેશ છે. તેને આકાશ કહેવાય.
- ઋજુસૂત્ર નયથી અનંત પ્રદેશ ને ભિન્ન-ભિન્ન પણે આકાશદ્રવ્ય કહેવાય.

તે આકાશદ્રવ્ય નાં ત્રણ ભેદ છે -: ૧. સ્કંધ ૨. દેશ અને ૩. પ્રદેશ

લોકાકાશમાં માત્ર બે ભેદ પ્રાપ્ત થાય ૧. દેશ ૨. પ્રદેશ

સ્કંધ તે સમસ્ત લોક-અલોક સહિત ને કહેવાય.

આકાશાસ્તિકાય નો ગુણ અવકાશ લક્ષણ છે અને

" પર્યાય અગુરુલઘુ છે.

## કાળ

કાળદ્રવ્ય -: કાળ તે સકલ પુદ્‌ગલને વિષે જે નવીનતા અને જીર્ણતા પ્રગટે છે તેમાં જે સહકારી કારણ તે કાળ છે.

અહીં કોઈ પ્રશ્ન પૂછે કે — નવીનતા અને જીર્ણતા એ પુદ્‌ગલ નો સ્વભાવ છે તો એમાં કાળ નું શું કામ છે?

Date પુદ્ગલ પોતાની મેળે જ નવીન પર્યાય ધારણ કરે છે અને જીર્ણ પર્યાયને પણ પામે છે.

પુદ્ગલ અને જીવ એ બે પરિણામી દ્રવ્ય શ્રીભગવંતે વર્ણવ્યા છે. પરિણામ તે પૂર્વાવસ્થાનો વિનાશ અને ઉત્તરાવસ્થાનું ઉત્પાદન તેમજ સર્વથા વિનાશ.

એટલે પર્યાયનો ઉત્પાદ-વિનાશ છે પણ દ્રવ્યનો ઉત્પાદ-વિનાશ ન કહેવાય. તે માટે પુદ્ગલને વિષે પરિણામ પણ છે. તેથી પુદ્ગલ સ્વયં જ ઉત્પાદ-વિનાશ, નવીનતા-જીર્ણતા રૂપ પર્યાયને પામે છે. તો પછી કાળદ્રવ્યની અધિકકલ્પના શા માટે કરો છો?

અહીં હવે સિદ્ધાંતવાદી તેનો જવાબ આપે છે.—:

નવીનતા અને જીર્ણતા એ પર્યાય પુદ્ગલનાં છે, તે પુદ્ગલને વિષે હોય છે તો પણ કાળદ્રવ્ય તેમાં નિમિત્ત કારણ છે. એ સર્વ (પર્યાય) નિયત હોય છે પણ અનિયત હોતાં નથી તે દૃષ્ટાંતથી આ પ્રમાણે—

ચંપક, અશોક, સહકાર (આંબો) પ્રમુખ વનસ્પતિ (વૃક્ષ) ને વિષે કુસુમસંપદા = ફુલોત્પત્તિ એ સમયે જ થાય છે, મહાહિમકણમિશ્રિત ઠંડો પવન એ કાળે જ હોય છે, નક્ષત્રગર્ભાધાન પણ કાળે જ થાય છે, મેઘવૃષ્ટિ-ઘનગર્જિત-વિદ્યુત્ચમત્કાર = વરસાદ, વાદળો ના ગડગડાટ તથા વિજળીનાં ચમકારા વગેરે કાળે જ થાય છે.. તથા ઋતુવિભાગપણું, બાળ-કુમાર-યૌવન અવસ્થા, વલિ-પલિત-ગમાદિક = (અંગાદિ?) તે પણ કાળે જ બદલાય છે. એટલે આ અને આના જેવી અન્ય પણ પરિવર્તનશીલ વ્યવસ્થાઓમાં કાળ એ સહકારી કા. છે. અને જો કાળ એ નિમિત્તકારણ નથી તો એ સર્વ વસ્તુ વ્યવસ્થારહિત થઈ જશે એમ માનવું પડશે. એના થી થનારી અવ્યવસ્થા—:

(૧) - વસંત ઋતુ વિના જ ચંપક, અશોક, સહકાર ને ફૂલ ઉત્પન્ન થશે.

(૫) - યૌવનાવસ્થા વગર જ બાલિકા ગર્ભ ધારણ કરશે.

(૨) - ઋતુ પણ આઘીપાછી થશે.

(૩) - બાલ્યાવસ્થા ને વિષે જરા(ઘડપણ) આવશે

(૪) - જરા અવસ્થામાં બાલ્યાવસ્થા પ્રગટશે

જો કાળ નહીં માનો તો આ રીતે બધુ વિપરીત થશે. પણ આવું તો કાંઈ થતું નથી તે માટે કાલ એ કારણ છે. બધું જ પોતપોતાની કાળમર્યાદામાં જ થાય છે. તેથી પુદ્ગલને વિષે નવ-જીર્ણતાનો આપાદક એ કાળ છે. તે કાળ એકપ્રદેશી સમયલક્ષણ છે. તે સમય પણ વર્તમાન સંબંધીનો લેવો. અતીત સમયનો

My Notes

My Notes

Date

વિનાશ છે. અને અનાગત સમય હજુ ઉત્પન્ન થયો નથી માટે.

વર્તમાન સમય પણ અનંતો છે. જેટલા પુદ્ગલદ્રવ્યનાં પર્યાય છે તેટલા એક ને વિષે પ્રત્યેકે પ્રત્યેકે એકેક વર્તમાન સમય છે. એટલે વર્તમાન સમય એક જ છે તેમ છતાં પણ અનંતપર્યાય ને વિષે તે જોડાયેલો હોવાથી વર્તમાન સમય પણ અનંત કહેવાય છે.

અહીં કોઈ અન્યતીર્થી પૂછશે —

પ્રશ્ન-: જે એક છે તે કેમ અનંત ની સાથે જોડાય છે?

ઉત્તર -: તેમને એમ કહેવું કે — તમે કેમ સત્તા એક માનો છો? અને સત્તા અનેક દ્રવ્ય-પર્યાયને વિષે રહેલી માનો છો?

જેને તમે સત્તા કહો છો તેને જ અમે સમય કહીએ છીએ. એ માત્ર નામાંતર જાણવો.

અહીં કોઈ પૂછશે — જે સમય તો એક છે અને તે પણ પૂર્વાપરકોટિવિનિર્મુક્ત છે તો પછી આવલિકા વગેરે વ્યવહાર કેમ ઘટશે? કા.કે આવલિકા એ તો અસંખ્ય સમય મળે ત્યારે થાય છે

ઉત્તર — તેમને એમ કહેવું — અહીં બે નય છે.

૧. નિશ્ચય ૨. વ્યવહાર. તેમાં

નિશ્ચય પરમાર્થ માં મળે અને વ્યવહાર લૌકિકમાં.

એક સમય લક્ષણ રૂપ કાલ એ નિશ્ચય સરળ છે. અને વ્યવહારમાં આવલિકા વગેરે ની કલ્પના છે.

અહીં અસદ્ભૂત કલ્પનાએ કરી કહેવાય છે — જે અસંખ્ય સમય મળે ત્યારે એક આવલિકા થાય. અને એકક્રોડ, સડસઠ લાખ, સિત્યોતેર હજાર, બસો ને સોળ ૧,૬૭,૭૭,૨૧૬ આટલી આવલિકાએ એક મુહૂર્ત થાય. જેમ — જે પ્રમાણે —

સમયાવલીમુહુત્તા. નવતત્ત્વ - ગા. ૧૪

આ ગાથા માં કહ્યું છે તે પ્રમાણે સમજવું.

આ ગાથામાં કથન કરાયેલ સઘળીય હકીકત એ સર્વ વ્યવહાર નય ને આશ્રયીને જ કહેવાઈ છે. પણ પરમાર્થ જોતાં એ સર્વ કલ્પના છે. આ સમયલક્ષણકાલ એ પીસ્તાલીશ લાખ યોજન પ્રમાણ સમયક્ષેત્ર ને વિષે જ છે. પણ તેની બહાર નથી. તે પરમાર્થ અવધારવો.

જ્યાં સૂર્ય ની ગતિ છે ત્યાં જ વ્યવહાર કાળ છે. અર્થાત્ કાળ નો વ્યવહાર છે.

આ અધિકાર વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ સૂત્ર ની વૃત્તિમાં જે શ્રી અભયદેવસૂરિ મ. રચિત છે. તેમાં આમ કહ્યું છે —

उत्तादित्यगतेस्तद्व्यञ्जकत्वात्

સૂર્ય નું ગમન = પરિભ્રમણ તે કાળ નું વ્યંજક = જ્ઞાપક છે. અને અઢી દ્વીપ ની બહાર નાં દ્વીપોમાં સૂર્ય નું પરિભ્રમણ નથી ત્યાં સૂર્ય સ્થિર છે.

અહીં વળી કોઈ એમ પૂછશે કે —

મનુષ્યક્ષેત્ર ને વિષે કાલદ્રવ્ય છે તો પછી બાહ્ય એવા દ્વીપોને વિષે તથા સ્વર્ગ-નરક ને વિષે કાલ ખબર કેવી રીતે પડે ?

ઉત્તર — તેઓને આમ કહેવું કે — જે બાહ્ય દ્વીપોને વિષે તથા સ્વર્ગ - નરક ને વિષે સૂર્યગમન નથી તે માટે ત્યાં વ્યવહારકાળ નથી વ્યવહારકાળ માત્ર મનુષ્યક્ષેત્ર ને વિષે જ કહેવાયો છે.

## ☆ કાળ વિષયમાં દિગંબર મત :

અહીં સમય એ દ્રવ્ય જાણવું. આ દ્રવ્ય નો પરાવર્તન લક્ષણ ગુણ અને અગુરુલઘુ પર્યાય જાણવો એમ દિગંબરો માને છે.

લોકાકાશ ને વિષે જેટલા આકાશપ્રદેશ છે તેને વિષે તેટલા જ કાલાણુઓ છે. એટલે કે અસંખ્ય કાલાણુઓ છે. આ વાત શ્રી નેમિચંદ્ર-સિદ્ધાંતીએ દ્રવ્યસંગ્રહમાં આમ કહી છે —

लोआगासपएसे इक्किक्के जे ठिया हु इक्किक्का ।
रयणाणं रासीमिव ते कालाणू असंखदव्वाणि ।। द्रु. सं. २२।।

તે કાલાણુઓ અસંખ્ય મળે ત્યારે એક સમય થાય છે. સમય તે પર્યાય છે. તે પણ સૂર્યમંડલનું તાપલક્ષણ નિમિત્તકારણ પામીને ભેગા મળે છે. સમય ની પછી (કાલ તૈયાર થાય છે) જે પ્રમાણે ચક્રભ્રમિરૂપ નિમિત્તકારણ ની જોગવાઈ થયે છતે માટીનાં પિંડ નો ઘડો બને છે તેમ અહીં પણ સમજી લેવું.

અહીં શ્વેતાંબર દૂષણ આપે છે —

જો આમ માનવામાં આવે તો કાલ એ છઠ્ઠો અસ્તિકાય થઈ જશે. જેના સ્કંધ, દેશ અને પ્રદેશ હોય તેને અસ્તિકાય કહેવાય. અહીં સ્કંધ તે સમય, દેશ તે વિભાગ આદિ કલ્પનારૂપ અને પ્રદેશ તે કાલાણુઓ આવી વિપરીત રીત થશે. તથા અસ્તિકાય તો પાંચ જ છે. તે કયા ? — ૧. ધર્માસ્તિકાય ૨. અધર્માસ્તિકાય ૩. આકાશાસ્તિકાય ૪ જીવાસ્તિકાય.

My Notes Date

૫. પુદ્ગલાસ્તિકાય. પણ કાલને અસ્તિકાય તો શ્વેતાંબર કે દિગંબર કોઈ કહેતા નથી.

## પુદ્ગલાસ્તિકાય

પુદ્ગલ દ્રવ્ય = જે વસ્તુ પૂરણ અને ગલન એ બે ધર્મયુક્ત છે તેને પુદ્ગલ કહેવાય.

કાલ વગેરે કારણ પામીને કોઈ એક સ્કંધને વિષે પરમાણુઓનો જથ્થો પુરાય છે જોડાય છે તેમ કોઈ એક સ્કંધથી ખંડ થઈ = ટૂકડા થઈ ગળે છે એટલે જુદા થાય છે તે આ પુદ્ગલ-ધર્મ છે. તે પુદ્ગલનાં ચાર ભેદ છે.

૧. સ્કંધ ૨. દેશ ૩. પ્રદેશ અને ૪. પરમાણુ તેમાં જે સ્કંધ છે તે અનેક પ્રકારનો છે. બે પરમાણુઓનાં મળવાથી દ્વિપ્રદેશી સ્કંધ થાય છે. ત્રણ પરમાણુઓનાં મળવાથી ત્રિપ્રદેશી સ્કંધ થાય. એમ કરતાં યાવત્ સંખ્યાત પ્રદેશી, અસંખ્યાત પ્રદેશી, અનંત પ્રદેશી સ્કંધ જાણવા. અને સ્કંધનાં દ્વિભાગ - ત્રિભાગ રૂપ દેશ જાણવા.

અહિં કોઈ પ્રશ્ન કરશે કે —

જે સ્કંધમાં ઘણા પરમાણુઓ મળે છે ત્યાં દેશ વ્યવહાર ઘટે છે. આ સ્કંધનાં જેટલા ભાગ કરીએ તેટલા દેશ થાય. જેમ કોઈ એક સ્કંધનાં અડધોઅડધ બે ટૂકડા કરીએ તો તેને બે દેશ કહેવાય, ત્રણ ટૂકડા કરીએ તો પણ દેશ કહેવાય એમ ચાર, સંખ્યાતા, અસંખ્યાતા અને અનંતા દેશ પણ થાય. સ્કંધ જેટલો મોટો હોય તેને અનુસારે કલ્પના થાય. પણ જે દ્વિપ્રદેશી સ્કંધ છે તેનો દ્વિપ્રદેશ વિભાગ નહીં થાય. જ્યાં બે પરમાણુઓ મળ્યા છે તેને દ્વિપ્રદેશી સ્કંધ કહેવાય. અને સ્કંધનો પરિણામ તે છે જેને વિષે દેશ અને પ્રદેશનો વ્યવહાર થાય. જે દ્વિપ્રદેશી સ્કંધ છે ત્યાં દેશ કોને કહેવાય ?

તેનો જવાબ અપાય છે —: દેશ અને પ્રદેશમાં કાંઈ સર્વથા ભેદ નથી. સ્કંધને વિષે જે ત્રિભાગાદિક અવયવ છે તેને દેશ કહેવાય તે દેશ પણ બે પ્રકારનો છે એક સાંશ અને બીજો નિરંશ. જે સાંશ છે તેને દેશ કહીએ અને જે નિરંશ છે તેને દેશ અને પ્રદેશ બન્ને કહીએ. તથા જે પ્રકૃષ્ટ દેશ તેને પ્રદેશ કહેવાય. જેમાં બીજો અંશ નથી તેને પ્રદેશ કહેવાય. માટે દ્વિપ્રદેશી સ્કંધને વિષે દેશ પણ બે કહેવાય અને પ્રદેશ પણ બે કહેવાય

Date

જે બે પ્રદેશ છે તેને જ દેશ પણ કહેવાય. વિશેષ એટલું કે દ્વિપ્રદેશી સ્કંધને વિષે સાંશ દેશ ન હોય નિરંશ જ દેશ હોય.

તથા ત્રિપ્રદેશી સ્કંધને વિષે એક દ્વિપ્રદેશી સ્કંધ તે દેશ કહેવાય અને બીજો એકપ્રદેશી દેશ કહેવાય.

પરમાણુ અર્ધોઅર્ધ ન થાય અર્થાત્ તેના ટૂકડા ન થાય. પરમાણુઓ વીતરાગદેવે અચ્છેદ્ય - અભેદ્ય વર્ણવ્યા છે. તેથી ત્રિપ્રદેશી સ્કંધને વિષે જે દ્વિપ્રદેશી દેશ કહેવાયો તે સાંશ જાણવો અને જે એકપ્રદેશી દેશ કહેવાયો તે નિરંશ જાણવો. આમ બધી જગ્યાએ સ્કંધમાં વિચારી લેવું. જેટલા સ્કંધનાં જે અવયવ છે તેને દેશ કહેવાય અને નિઃપ્રદેશી અવયવને પ્રદેશ કહેવાય.

જ્યાં સપ્રદેશી અવયવ ન ઘટે ત્યાં નિઃપ્રદેશી અવયવને પણ દેશ કહેવાય છે. આ વાત દ્વિપ્રદેશી સ્કંધમાં સ્પષ્ટપણે પ્રસિદ્ધ છે એમ જાણવું.

તથા એક દેશ પ્રદેશરૂપ વ્યવહાર તે જે પરમાણુપુંજ સ્કંધ રૂપે પરિણમ્યો હોય ત્યાં ઘટે છે જે પરમાણુઓ સ્કંધ રૂપે પરિણમ્યા નથી જે પ્રત્યેક ભા એકાકી રહ્યા છે તેઓને પરમાણુ જ કહેવાય.

## પરમાણુ કાલ સ્થિતિ :

અહીં પ્રસંગથી કાલની સ્થિતિ અને મર્યાદા કહેવાય છે. એક પરમાણુ બીજા પરમાણુઓ સાથે ન મળે ખંડભાવ ન પામે એકાકી રહે તે કેટલા સમય સુધી રહે તે કહેવાય છે.

જઘન્યથી એક સમય

ઉત્કૃષ્ટથી અસંખ્યાત કાળ જાણવો. ત્યારપછી અવશ્ય સ્કંધ પરિણામ પામે. આ વાત એક પરમાણુને આશ્રયી સમજવી સર્વ પરમાણુ આશ્રયી વિચારણા કરીએ તો અનંતકાળ જાણવો.

એવો કોઈ સમય નહીં મળે જ્યારે લોકને વિષે રહેલા સર્વ-પરમાણુઓ સ્કંધપણે પરિણમશે. જ્યારે જોઈએ ત્યારે એટલે કે પ્રત્યેક સમયે લોકને વિષે અનંતાનંત પરમાણુઓ મળશે જ.

એકાકી સ્કંધ રહે તે જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી અસંખ્યાત કાળ એમ સમજવું.

પુદ્ગલ સંયોગની સ્થિતિ ઉત્કૃષ્ટથી અસંખ્યાત કાળ ઉપરાંત ન રહે એ નિયમ

My Notes

My Notes

Date

પણ એક સ્કંધ આશ્રયી જાણવો. સર્વ સ્કંધ ને આશ્રયી સર્વકાલ નું અવસ્થાન જાણવું.

એવો કોઈ કાળ નથી જ્યારે સર્વલોક સ્કંધ થી શૂન્ય હોય અર્થાત્ કોઈપણ કાળે લોક માં સ્કંધ ન હોય એમ ન કહેવું

હવે કાળ ની મર્યાદા કહેવાય છે ઃ

પરમાણુ જો એકાકી સ્વભાવ છોડીને અન્ય પરમાણુ સાથે મળી એટલે કે દ્વયણુક, ત્ર્યણુક આદિ સાથે મળીને સ્કંધ ભાવ પામી કાલાન્તરે પુનઃ એકાકી પરમાણુભાવ પામે તે વચ્ચે કેટલું અંતર હોય તે કહે છે —

જઘન્ય થી એક સમય અને
ઉત્કૃષ્ટ થી અસંખ્યાત કાળ જાણવો.

પ્રશ્ન-: અહીં કોઈ પૂછશે કે —— :

અનંતપ્રદેશી સ્કંધ ને વિષે જે સંયુક્ત પરમાણુઓ છે તે પરમાણુઓ અસંખ્યાત કાળ ઉત્કૃષ્ટપણે તે સ્કંધ માં રહે જ્યારે તે સ્કંધ ભાંગે = તૂટે ત્યારે તેનો લઘુ સ્કંધ થાય તેમાં અસંખ્યાત કાળ રહે આમ એક સ્કંધ નાં અનંતા સ્કંધ થાય તેમાં પ્રત્યેક પ્રત્યેક (સ્કંધો) તે પરમાણુઓ અસંખ્યાત કાળ રહે એમ અનંત કાળ સુધી પણ રહે ત્યારપછી તે એકાકી પરમાણુ થાય એમ કરતાં અનંત કાળ નું પણ અંતર સંભવે તો પછી અસંખ્યાત કાળ નું અંતર કેમ કહો છો ?

ઉત્તર-: તેઓને આમ જવાબ આપી સમજાવીએ —:

કે અરે ભાઈ એમ ત્યારે કહેવાય જ્યારે એટલો કાળ પુદ્ગલ સંયોગ રહેતો હોય તો પણ પુદ્ગલ સંયોગ તો અસંખ્યાત કાળ જ રહે છે ત્યારપછી તો વિયોગ અવશ્ય થાય.

અહીં પુનઃ કોઈ પૂછશે ઃ

જે સ્કંધ ને વિષે પરમાણુઓ મળ્યા છે તે સ્કંધ વિનાશ પામે તો અસંખ્યાત કાળે વિનાશ પામે અને એટલે જ એ સૂત્ર ચરિતાર્થ થાય પણ તેમાં તો વિવક્ષિત એવા પરમાણુનો આશ્રયભૂત જે સ્કંધ છે તેનો વિયોગ થયો તે પરમાણુ નું શું ?

તે માટે તેને એમ કહેવું કે જે પરમાણુનો સ્કંધની સાથે અથવા (?) અન્યપરમાણુ સાથે સંયોગ થયો છે તેનો પાછો વિયોગ અસંખ્યાત કાલે થાય ત્યારપછી તે ન રહે.

અહીં મૂળમાં અને સંસ્કૃતમાં ફેરફાર છે.

↑ આ વાત સમજાઈ નથી.

અહીં વળી કોઈક પૂછશે કે —:

એકાકી પરમાણુ પણે જે વિયોગ કહ્યો છો તે કેવી રીતે?

તેને એમ કહેવું કે — અમારે તો સૂત્ર પ્રમાણ છે. કા.કે તે શ્રી વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ (ભગવતી) સૂત્ર પ્રમુખમાં આમ કહ્યું છે માટે.

પરમાણુઓ પુન: પરમાણુપણુ પામે તો ઉત્કૃષ્ટથી અસંખ્યાત કાલે પામે.

આમ જે બે પરમાણુઓ મળીને સ્કંધ થયો છે તે સ્કંધ ભાંગ્યા પછી પુન: તે બે પરમાણુઓનો સંયોગ થાય તો તે કેટલા કાળે થાય?

તો એનો જવાબ કહેવાય છે કે —

જઘન્યથી એક સમય અને

ઉત્કૃષ્ટથી તો અનંત કાલ જાણવો.

લોકમાં અનંત પરમાણુઓ છે, અનંત દ્વયણુક સ્કંધ છે, એમ ત્ર્યણુક, ચતુરણુક, સંખ્યાતાણુક, અસંખ્યાતાણુક, અનંતાણુક એટલી જાતીનાં = એટલા પ્રકારનાં સ્કંધ છે. તે સર્વે અનંતા છે પ્રત્યેકે પ્રત્યેકે છે. ~~તે જ સંઘાતે પ્રત્યેકે~~ પ્રત્યેકે

તે જ સંઘાતનાં પ્રત્યેકની ઉત્કૃષ્ટકાલસ્થિતિ અનંતકાળ છે ત્યાર પછી વિયોગ થાય અને વિયોગ થયા પછી ફરીથી વિસ્રસા-સ્વાભાવિક પરિણામે તે પુદ્ગલની સાથે સંયોગ થાય તે માટે અનંતકાલ કહ્યો છે.

## પરમાણુ ક્ષેત્રસ્થિતિ —:

હવે વળી પ્રસંગથી ક્ષેત્રસ્થિતિ પરમાણુની લખીએ છીએ. પરમાણુ એક આકાશપ્રદેશ રોકે પણ બીજો પ્રદેશ ન રોકે જેવડો આકાશપ્રદેશ છે તેવડો જ પરમાણુ છે. પણ વિશેષ એટલું કે આકાશપ્રદેશ અમૂર્ત છે જ્યારે પરમાણુ મૂર્ત છે.

તે પરમાણુ બે પ્રદેશમાં પણ માય, ત્રણપ્રદેશમાં, સંખ્યાતપ્રદેશમાં, અને અસંખ્યાત પ્રદેશમાં પણ માય. તેનો સ્કંધ પણ અસંખ્યાત પ્રદેશી તથા અનંતપ્રદેશી જાણવો, દ્વિપ્રદેશી જઘન્યથી એક પ્રદેશમાં માય અને ઉત્કૃષ્ટથી બે પ્રદેશ રોકે એમ ત્રિપ્રદેશી ઉત્કૃષ્ટથી ત્રણ પ્રદેશ રોકે. આ પ્રમાણે જે જેટલાપ્રદેશી સ્કંધ હોય તે તેટલા આકાશપ્રદેશ રોકે.

My Notes Date

ઉત્કૃષ્ટપણે જઘન્ય તો સર્વને વિષે એક પ્રદેશ કહેલો. તથા અનંત પ્રદેશી સ્કંધ ઉત્કૃષ્ટપણે રોકે તો અસંખ્યાતા પ્રદેશ રોકે પણ અનંતા નહીં. કા.કે લોકાકાશનાં અનંત પ્રદેશ છે જ નહીં.

અહીં કોઈ પૂછશે કે ——

જે એક પ્રદેશમાં અનંતપ્રદેશી સ્કંધ તે કેવી રીતે માય?

તેને એમ કહેવું —— ઉત્તર -:

આકાશને વિષે જે અવગાહ ગુણ છે તે કારણે જ્યાં એક પુદ્ગલ છે ત્યાં અનંત પુદ્ગલોનો સમાવેશ પણ છે. જેમ એક પ્રદીપ = દીપક પ્રભાને વિષે અનેક દીપકની પ્રભા સમાય છે તેમ. જેમ એક પારદકર્ષની અંદર સુવર્ણનાં શતકર્ષ સમાય છે એ પુદ્ગલનો ધર્મ છે તે માટે એક આકાશપ્રદેશમાં અનંતા પરમાણુ, અનંતા દ્વ્યણુક, સંખ્યાતાણુક, અસંખ્યાતાણુક અને અનંતાણુક સ્કંધ પણ માય છે ને પોતપોતાના સ્વભાવે રહ્યા છે.

અહીં વળી કોઈક પૂછશે કે —:

એક સ્કંધ સમ્પૂર્ણ લોકનાં પ્રદેશને કેવી રીતે અવગાહે.

તેને એમ કહેવું કે સ્કંધ દ્રવ્યનો વિચિત્ર (અનેક પ્રકારનો) સ્વભાવ છે. કોઈ એક સ્કંધ તે લોકનો સંખ્યાતમો ભાગ અવગાહીને રહે છે કોઈ એક સ્કંધ લોકનો અસંખ્યાતમો ભાગ અવગાહીને રહે છે તો કોઈ એક સ્કંધ સમગ્ર લોકને પણ અવગાહીને રહે છે. તે સ્કંધ પણ વળી અસંખ્યાતપ્રદેશી અને અનંતપ્રદેશી જાણવો કા.કે સંખ્યાતપ્રદેશી સ્કંધ તે અસંખ્યાત પ્રદેશને રોકી ન શકે એમ શ્રી પ્રજ્ઞાપના સૂત્રમાં કહ્યુ છે.

કોઈ એક અનંતપ્રદેશી સ્કંધ એક જ સમયમાં સમગ્ર લોકને અવગાહીને રહે છે કેવલીસમુદ્ઘાતની જેમ. તે કેવી રીતે?

તે આ પ્રમાણે —: કોઈ અચિત્ત મહાસ્કંધ વિશ્રસા પરિણામે કરીને એટલે કે સ્વાભાવિક રીતે પ્રથમ સમયે અસંખ્યાત યોજન વિસ્તારવાળો દંડ કરે પછી દ્વિતીય સમયે કપાટ કરે, ત્રીજે સમયે મંથાન કરે ચોથે સમયે પ્રતર પૂરીને સમગ્ર લોકમાં તે વ્યાપીને રહે છે. પછી પાંચમે સમયે પ્રતર (આંતરા) સંહરે, છઠ્ઠે સમયે મંથાન સંહરે, સાતમે સમયે કપાટ સંહરે અને આઠમે સમયે દંડ સંહરીને ખંડ-ખંડ થઈ જાય. તેમાં ચોથો સમય જે છે તે વખતે આ અચિત્ત મહાસ્કંધ સમસ્ત લોકને વ્યાપીને રહે છે. આ હકીકત શ્રી વિશેષાવશ્યક ભાષ્યમાં ઘણા વિસ્તારથી વર્ણવી છે.

Date

My Notes

અહીં બૌદ્ધ મતાનુયાયી શંકા પૂછે કે —

એક આકાશપ્રદેશને વિષે એક પરમાણુ છે તેને બાજુ છ પ્રદેશની સ્પર્શના છે. જે સ્વરૂપે પૂર્વદિશાએ સ્પર્શના છે તે સ્વરૂપે પશ્ચિમદિશાને સ્પર્શતો નથી. જો અપર સ્વરૂપે સ્પર્શે છે તે જ સ્વરૂપે જો સ્પર્શે તો ષટ્દિક્ સંબંધ ન ઘટે અને ષટ્દિક્ સંબંધ તો લોકપ્રસિદ્ધ છે —

પૂર્વદિક્ સંબંધ, પશ્ચિમદિક્ સંબંધ એમ ષટ્દિક્ સંબંધ જુદા જુદા કહેવા અન્યથા ષટ્દિક્ સ્પર્શના કેવી રીતે થાય ? અને પરમાણુ તો નિરંશ છે અને એક અંશ ને વિષે છ સંબંધ ભિન્ન કેવી રીતે ઘટે ? તે માટે પરમાણુ પણ સાંશ કહેવો અને એ રીતે ભિન્ન-ભિન્ન સ્વરૂપે ષટ્દિશાની સ્પર્શના ઘટે.

હવે અહીં જૈન કહે છે —: પરમાણુ તે નિરંશ જાણવો તેને સાંશ ન કહેવો. પુદ્ગલપરમાણુને વિષે અચિન્ત્ય પરિણામ શક્તિ છે તેથી નિરંતર છ દિશાની સ્પર્શના છે પરંતુ પરમાણુને અંશે કરી સ્પર્શના નથી.

અહીં ફરીથી પણ જૈન બૌદ્ધ ને પૂછે છે —:

તું કેમ જ્ઞાનસંતાન ને વિષે એક જ ક્ષણ કાર્યકારણભાવ સંબંધ માને છે ? પૂર્વજ્ઞાનજનક જે ક્ષણ છે તે નિરંશ છે તેને બે અંશ તું ઈચ્છે છે.. કેમ કે જે અંશ દ્વારા કારણ સંબંધ છે તે અંશ દ્વારા કાર્ય સંબંધ નથી એજ રીતે જે અંશ દ્વારા કાર્યસંબંધ છે તે અંશ દ્વારા કારણ સંબંધ નથી. એ તારી યુક્તિથી તારા ગળે જ ફાંસી આવે છે માટે આમ કહેવું જોઈએ કે ક્ષણ એ નિરંશ છે પણ વસ્તુનાં વ્યાવર્તનથી કાર્યકારણભાવ સંબંધની કલ્પના કરાય છે. એ રીતે પરમાણુમાં પણ વિચારી લેવું.

## પરમાણુ ક્ષેત્ર અવગાહ સ્થિતિ :

હવે પ્રસંગથી વળી ક્ષેત્રાવગાહની સ્થિતિ લખીએ છીએ.

આકાશપ્રદેશને વિષે જે દ્રવ્ય એકપ્રદેશાવગાઢ, સંખ્યાતપ્રદેશાવગાઢ અથવા અસંખ્યાત પ્રદેશાવગાઢ રહેલું હોય તે જઘન્યથી એક સમય સુધી રહે છે ત્યારપછી એકપ્રદેશાવગાઢ દ્રવ્ય તે દ્વિપ્રદેશાવગાઢ થાય છે. અને જે દ્વિપ્રદેશાવગાઢ હોય તે ત્રિપ્રદેશાવગાઢ થાય છે. તે ઉત્કૃષ્ટથી તો અસંખ્યાતકાળ પછી થાય પણ અનંતકાલ સુધી એકાવગાઢપણે રહે નહીં કારણ કે વસ્તુસ્વભાવ જ એહવો છે માટે.

My Notes

Date

## પરમાણુક્ષેત્રાવગાહ અંતર :-

હવે અવગાહનું અંતર બતાવવામાં આવે છે :

જે પરમાણું જે આકાશપ્રદેશને અવગાહીને રહ્યો છે તે પરમાણુ તે જ આકાશપ્રદેશમાં જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી સંખ્યાતકાલ સુધી પણ ત્યાં રહે.. અર્થાત્ તે જ આકાશપ્રદેશને અવગાહીને રહે. ત્યારપછી બીજા આકાશપ્રદેશને અવગાહે એમ ફરતો ફરતો ફરીથી તે જ આકાશપ્રદેશને અવગાહે તો ઉત્કૃષ્ટથી અસંખ્યાતકાલે અવગાહે = તે પ્રદેશમાં આવે.. કારણ કે આકાશપ્રદેશ અસંખ્યાત જ છે માટે.

અહીં કોઈ પ્રશ્ન કરે કે —

જે મૂલપ્રદેશને છોડીને બીજા અસંખ્યાતા આકાશપ્રદેશને અનંતીવાર સ્પર્શીને પછી પુન: મૂલપ્રદેશને સ્પર્શે તો અનંતકાલનું પણ અંતર સંભવે તો પછી અસંખ્યાતકાલનું અંતર જ શા માટે કહો છો?

તેને એમ કહેવું કે —

પુદ્ગલનો આવા પ્રકારનો જ સ્વભાવ છે કે તે અસંખ્યાતકાલ પછી ફરીથી તે જ પ્રદેશને અવગાહે માટે.

## પુદ્ગલ ગુણ :

હવે પુદ્ગલનાં ગુણ કહેવાય છે, તેમાં વર્ણ પાંચ છે જેણે કરીને વસ્તુ અલંકૃત અર્થાત્ શોભાયમાન દેખાય તેને વર્ણ કહેવાય.

કૃષ્ણ ૧. નીલ ૨. શ્વેત ૩. પીત ૪. અને રક્ત ૫. એ પાંચ વર્ણ પુદ્ગલને વિષે હોય.

અહીં નૈયાયિક છઠ્ઠો વિચિત્ર વર્ણ માને છે તે પણ પાંચ વર્ણને સંયોગે જ ઉત્પન્ન થાય છે તો પણ નૈયાયિકો તેને સર્વથા ભિન્ન કહે છે પણ તે ભિન્ન નથી.

ગંધ ૨. — સુગંધ ૧. અને દુર્ગંધ ૨. અહીં કોઈક ત્રીજી વિચિત્ર ગંધ પણ માને છે તે પણ સંયોગથી જ ઉત્પન્ન થાય છે પણ તે આ ગંધનાં બે ભેદથી ભિન્ન નથી.

રસ પાંચ છે તે કહેવાય છે. —

તિક્ત ૧. કટુક ૨. કષાય ૩. આમ્લ ૪. મધુર ૫. એ પાંચ રસ. અહીં કોઈ

Date

My Notes

લવણ ને છઠ્ઠો રસ કહે છે પણ તે કહેવાની જરૂર નથી કા.કે લવણ નો મધુરરસમાં જ અંતર્ભાવ થઈ જાય છે. લોકમાં પણ લવણને મધુરરસ તરીકે ઓળખાય છે. તે કેવી રીતે ? તેનો જવાબ કે — સરસ ભોજન તૈયાર થયુ હોય સર્વદ્રવ્ય નાં યોગ મળ્યા હોય પણ ભલા એક લવણ જ નાંખવાનુ રહી ગયુ હોય તો તે ભોજન મીઠું લાગતુ નથી. તે માટે લવણ ને પણ મધુર (મીઠો) રસમાં જ સમાવિષ્ટ (ગણી લીધો) કરી દેવાયો છે

આઠ સ્પર્શ તે આ પ્રમાણે :

કર્કશ ૧. મૃદુ ૨. ગુરુ ૩. લઘુ ૪. ઉષ્ણ ૫. શીત ૬. સ્નિગ્ધ ૭. રુક્ષ ૮.
આ આઠસ્પર્શ પુદ્ગલ ને વિષે હોય છે. એટલે કુલ

૫ વર્ણ
૨ ગંધ
૫ રસ
૮ સ્પર્શ

એ ૨૦ ગુણ પુદ્ગલનાં જાણવા તેમાં પરમાણુ ને વિષે આ ૨૦ માંથી પાંચ ગુણ હોય. તે આ રીતે —

આ પાંચ વર્ણમાંથી કોઈપણ એક વર્ણ
પાંચ રસ " " " રસ
બે ગંધ " " " ગંધ અને આઠસ્પર્શ

માંથી ચાર સ્પર્શ તો ન હોય તે કયા ? તો કર્કશ ૧. મૃદુ ૨. ગુરુ ૩. લઘુ ૪. આ ચાર સ્પર્શ રુક્ષ પરમાણુઓ ને વિષે ન હોય. અને શીત ૧. ઉષ્ણ ૨. સ્નિગ્ધ ૩. અને રુક્ષ ૪. આ ચાર રુક્ષ પરમાણુ ને વિષે હોય. આ ચાર માંથી પણ વિરોધી બે ગુણ એક જ પ્રદેશ ને વિષે ન હોય

શીત નો વિરોધી ઉષ્ણ ગુણ છે અને
રુક્ષ નો વિરોધી સ્નિગ્ધ ગુણ છે તેથી અવિરોધી એવા બે ગુણ હોય તે આ રીતે શીત અને સ્નિગ્ધ અથવા શીત અને રુક્ષ અથવા ઉષ્ણ અને સ્નિગ્ધ અથવા ઉષ્ણ અને રુક્ષ એ પ્રમાણે વિરોધી વિપરીત પણે હોય. તેથી પરમાણુ એક અંશ છે તેમાં અવિરોધી એવા બે સ્પર્શ લેવા એટલે પાંચેય ગુણ એક પરમાણુ ને વિષે જાણવા.

દ્વિપ્રદેશી સ્કંધ ને વિષે ઉત્કૃષ્ટ થી ૧૦ ગુણ હોય તે જુદા જુદા બે વર્ણ

બે રસ, બે ગંધ અને ચાર સ્પર્શ અવિરોધીપણે સ્પર્શે તે બે બે જુદા જુદા પ્રદેશમાં હોય. આ ૧૦ ગુણનું પરમાણુનાં દ્વિપ્રદેશી સ્કંધનાં જાણવા.

આમ ત્રિપ્રદેશી સ્કંધને વિષે ઉત્કૃષ્ટથી તો ૧૨ ગુણ હોય પૂર્વનાં ૧૦ માં એક વર્ણ અને એક રસ એ બે વધારે હોય ત્રણપ્રદેશ છે માટે ગંધ તો પ્રાયે બે જ છે અને સ્પર્શ તો સૂક્ષ્મ પરિણામે ચાર હોય.

તથા ચતુષ્પ્રદેશી સ્કંધને વિષે ઉત્કૃષ્ટથી ૧૪ ગુણ હોય તે આ રીતે — ચાર વર્ણ અને ચાર રસ બાકીનાં ગુણ પૂર્વ પ્રમાણે જાણવા.

પંચપ્રદેશી સ્કંધને વિષે પાંચ વર્ણ, પાંચ રસ, બે ગંધ, ચાર સ્પર્શ એમ ૧૬ ગુણ હોય અને આ રીતે સંખ્યાતપ્રદેશી, અસંખ્યાત પ્રદેશી અને અનંત પ્રદેશી સ્કંધને વિષે સૂક્ષ્મ પરિણામે ઉત્કૃષ્ટથી ૧૬ ગુણ હોય. અને જઘન્યથી પાંચ ગુણ હોય. જે પરમાણુને વિષે કહ્યા તે જ પાંચ ગુણ અનંત પ્રદેશી વગેરેમાં પણ સમજી લેવા.

હવે બાદર પરિણામ કહે છે —:

એ બાદર પરિણામને વિષે જઘન્યથી સાત ગુણ હોય. તે આ રીતે-: ગુરુ, કર્કશ અથવા મૃદુ, લઘુ, એ બે અવિરોધી એ બાકીનાં પાંચ મૂલ ગુણ કુલ સાત એ જઘન્યથી હોય અને ઉત્કૃષ્ટથી ૨૦ ગુણ હોય.

## પુદ્ગલપર્યાય :

હવે અહીં પુદ્ગલનાં પર્યાય કહેવાય છે. તેમાં રૂપ એ ગુણ છે અને નીલ, કૃષ્ણ વગેરે પર્યાય જાણવા.

એક પરમાણુ છે તેમાં સર્વજઘન્યપણે કૃષ્ણવર્ણ છે તે એકગુણ કાળો છે. ત્યારપછી તેના કરતાં બમણો કાળો તે દ્વિગુણ કહેવાય એમ કરતાં જે સંખ્યાતગુણો અસંખ્યાતગુણો અને અનંત-ગુણો કાલો કહેવાય એ સર્વ પર્યાય જાણવા.

આ પ્રમાણે નીલ, પીત વગેરેમાં પણ સમજી લેવું.

## ગુણપર્યાય ભેદ :

અહીં કોઈ પૂછે કે ગુણ અને પર્યાય વચ્ચે ભેદ શું? કારણ કે જે ગુણ કહ્યા તેને જ તમે પર્યાય કહો છો..?

તેઓને એમ કહેવું કે ગુણ-પર્યાય વચ્ચે કથંચિત્ ભેદ છે.

Date

सहभाविनो गुणाः क्रमभाविन पर्यायाः ।

એમાં જે સદૈવ સહવર્તી છે વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ તે ગુણ જાણવા. સામાન્યપણે જે મૂર્તિમંત દ્રવ્ય છે તેનાથી એક દેશ પણ ગુણ અલગ - અલગ થતાં નથી તે માટે તેને ગુણ કહીએ. અને જે અનુક્રમે હોય સદા સહભાવી ન હોય તેને પર્યાય કહેવાય.

એકગુણકાલાદિન એ દ્વિગુણકાલાદિન અવસ્થાથી તૈયાર થાય છે. તે જ રીતે દ્વિગુણકાલાદિન છે ત્યારે ત્રિગુણકાલાદિક હોતા નથી પૂર્વ પૂર્વ પર્યાયનો નાશ થયે છતે ઉત્તર ઉત્તર પર્યાય ઉત્પન્ન થાય છે. તેથી એકગુણરસ, દ્વિગુણરસ વગેરે સમજી લેવા.

અને એ જ પ્રમાણે એકગુણગંધ, દ્વિગુણગંધ વગેરે એકગુણકર્કશ, દ્વિગુણકર્કશ વગેરે વિચારવું → સ્પર્શપર્યાયને વિષે પણ

## પુદ્ગલસંસ્થાન :

હવે પુદ્ગલનાં સંસ્થાન = આકાર કહેવાય છે

૧. ગોળ સંસ્થાન - મોદક = લાડવા જેવું
૨. વર્તુળ ” - વલય = બંગડી જેવું
૩. લંબ ” - દંડ = લાકડી જેવું
૪. અંશ ” - શૃંઘાટક =
૫. ચતુરસ્ત્ર ” - અયોઘન =

આ પ્રમાણે શ્રી જીવ વગેરે ષડ્ દ્રવ્યોનું સ્વરૂપ જાણવું.

## દ્રવ્યલક્ષણ :

હવે દ્રવ્યલક્ષણ કહેવાય છે :

प्रणम्य परमात्मानं कर्मक्लेशादिवर्जितम् ।
द्रव्याणां लक्षणं वक्ष्ये जैनेन्द्रमतदीप्तिदम् ॥

અર્થ: કર્મ-ક્લેશ વગેરેથી રહિત = મુક્ત અને જૈનેન્દ્ર મત = સિદ્ધાંતનાં દીપ્તિ = તેજને આપનાર એવા પરમાત્માને પ્રણામ કરીને દ્રવ્યોનાં લક્ષણને હું કહીશ.

દ્રવ્યનું લક્ષણ તે સત્ કહેવાય. જે વસ્તુ પ્રણેય કાળમાં વિદ્યમાન હોય તેને સત્ કહેવાય અને તેને જ દ્રવ્ય કહેવાય તથા સત્ કોને કહેવું ? તો હવે સત્ શબ્દનું લક્ષણ કહે છે :

My Notes

My Notes

Date

ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્તં હિ સત્ (તત્વા. અ. ૫. સૂ. ૨૯)

જે વસ્તુ પર્યાયની અપેક્ષાએ ક્વચિત્ ઉત્પન્ન થાય છે તથા તે જ વસ્તુ જઘન્યથી સમયાંતરે અને ઉત્કૃષ્ટથી તો અસંખ્યાત કાળ પછી તે જ પર્યાયની અપેક્ષાએ વિનાશ પામે છે તથા તે જ વસ્તુ દ્રવ્યની અપેક્ષાએ ક્યારેય ઉત્પન્ન થતી નથી અને ક્યારેય વિનાશ પણ પામતી નથી સદા સર્વદા વર્તે છે તેને સત્ કહેવાય

શ્રી મતિચંદ્રજી વડે પણ તેજ પ્રમાણે કહેવાયુ છે —

ધ્રૌવ્યોત્પાદવ્યયોપેતં દ્રવ્યં કાલત્રયે સ્થિતમ્ ।
દ્રવ્યતસ્તત્ સત્ત્વં હિ જન્મનાશૌ ચ પર્યયાત્ ॥

તેમાં દૃષ્ટાન્ત આ પ્રમાણે :

જેમ એક જીવદ્રવ્ય છે તેને નારકપર્યાયનો વિનાશ થયો છે, મનુષ્યપર્યાયનો ઉત્પાદ છે પણ જીવદ્રવ્ય તો તેનું તે જ છે તે જીવદ્રવ્યનો મૂળથી ઉત્પાદ-વિનાશ નથી એ સદા-સર્વદા શાશ્વત છે

આમ પુદ્ગલદ્રવ્યને વિષે મૃત્પિંડ → સ્થાસ → કોશ → કુશૂલ → શિવક → છત્રક → ઘટ → કપાલ પ્રમુખ પર્યાયનો ઉત્પાદ-વિનાશ છે. તેમાં કાળ વગેરે કારણોને પામીને ઘટ તૈયાર થાય છે તે કેવી રીતે ?

તે આ રીતે — સર્વપ્રથમ પુદ્ગલ પરમાણુ વિસ્રસાપરિણામે મૃદ્ = માટી આકારે પરિણમન પામે છે તે કુંભારનાં યોગે મૃત્પિંડપણાને પામે છે. જ્યારે તે મૃત્પિંડ ચક્ર ઉપર ચઢે ત્યારે ચક્રભ્રમિ દ્વારા નિમિત્ત કારણ રૂપ યોગ્યતાથી સ્થાસ પરિણામને પામે છે ત્યારપછી તે સ્થાસ કરતપ્રક્ષેપાદિ લક્ષણ પુરુષવ્યાપાર રૂપ યોગ્યતાને પામી કોશ પરિણામને પામે છે. તે જ ક્રમે ક્રમે કુશૂલ-શિવક પરિણામને પામે છે. તે જ છત્રક? જ્યારે પૃથુબુધ્ન કંબુગ્રીવક પરિણામને પામે ત્યારે તે ઘટ કહેવાય.

તથા તે જ ઘટ વળી ભેદન = મુદ્ગર વગેરેનાં અભિઘાતથી કપાલ પરિણામને પામે ત્યારે કપાલમાલા કહેવાય.

એટલે આ રીતે પૂર્વ પૂર્વ પર્યાયનો વિનાશ થતો જાય છે અને ઉત્તર ઉત્તર પર્યાયનો ઉત્પાદ થતો જાય છે. અને તે પુદ્ગલદ્રવ્ય સદા શાશ્વત છે. જો તે પુદ્ગલાદિ દ્રવ્યની સત્તા ન માનીએ તો ઉત્પાદ અને વિનાશ નિરર્થક થઈ જાય.

જો વસ્તુત: કાંઈ છે જ નહીં તો શું ઉત્પન્ન થાય અને શું વિનાશ પામે ? અને જે ઉપજતું નથી તે વિનાશ પણ પામતું નથી જેમ સદ્દ્રવ્ય વિનાશ પામે છે તેથી જ ઉત્પન્ન પણ થાય છે. જેનો વિનાશ નથી તેની ઉત્પત્તિ પણ નથી. તે માટે ઉત્પાદ-વિનાશ અને સત્તા એ સમોચ્ય એક જ છે.

તે જ પ્રમાણે શ્રી મતિચન્દ્રજી વડે પણ કહેવાયું છે —

उत्पादः केवलो नास्ति विनाशोऽपि न केवलः ।
किन्तु सत्तासमाक्रान्तो नापि सत्ता च तौ विना ॥
यदुत्पन्नं च तन्नष्टं यन्नष्टं तच्च जन्मयुक् ।
यच्च वस्तु न चोत्पन्नं दृष्टं नष्टं कदापि न ॥
कालादिपञ्चसामग्रीं प्राप्य द्रव्येषु पर्ययाः ।
उत्पद्यन्ते विपद्यन्ते जलकल्लोलवज्जले ॥

# અભાવવિચાર

તથા અહીં હવે કોઈ પ્રશ્ન કરે જે તમે પૂર્વ-પૂર્વ પર્યાય નો વિનાશ માનો છો તો એ વિનાશનું બીજું નામ અભાવ કહી દઈએ. હવે તે અભાવ એ ભાવથી સર્વથા ભિન્ન છે કે અભિન્ન ?

જો ભાવથી સર્વથા ભિન્ન માનશો તો અવસ્તુ સ્વભાવ થશે. અને તેથી કોઈ કાર્ય સિદ્ધ થશે નહીં.

તે જ પ્રમાણે શ્રી મતિચન્દ્રજી એ કહ્યું છે કે —

तुच्छरूपो हि योऽभावः स कथं कार्यसाधकः ।
अदृष्टे भवेद्दृष्टं स चेद् यदि फलेग्रहिः ॥

તથા ભાવ ને જ જો સર્વથા અભાવ કહેશો તો ભાવની પ્રતીતિ નો જ લોપ થઈ જશે. અને તેથી સર્વ જગત્ શૂન્ય થઈ જશે. માટે તમે અભાવ કોને કહો છો ?

તેને આ પ્રમાણે જવાબ આપવો —

કે ભાવથી કથંચિત્ ભિન્ન અભાવ છે. જે સર્વથા ભિન્ન છે. તથા જે સર્વથા અભિન્ન નથી તેને કથંચિત્ ભિન્ન કહેવાય. તે કેવી રીતે ?

જવાબ —! સમસ્ત વસ્તુમાં બે અંશ હોય છે. એક સદંશ છે અને બીજો અસદંશ તે પણ પર્યાય ની અપેક્ષાએ.

જે અતીત અનાગત પર્યાય છે તેને અસદંશ કહે છે. અને વર્તમાન પર્યાયને સદંશ કહે છે.

તેમાં સદંશને ભાવ કહેવાય અને અસદંશને અભાવ કહેવાય છે. અને અભાવનું લક્ષણ ન્યાયશાસ્ત્રમાં આમ કહ્યુ છે —

દ્રવ્યપર્યાયોભયાત્માભાવ ઇતિ ।

એટલે અભાવ તે પણ દ્રવ્ય-પર્યાયથી ભિન્ન નથી. ભાવ સ્વભાવ તે અભાવ છે.

તે અભાવ પણ ચાર પ્રકાર નો છે.

(૧.) પ્રાગ્ અભાવ

(૨.) પ્રધ્વંસ અભાવ

(૩.) અત્યંત અભાવ

(૪.) અન્યોન્ય અભાવ

તેમાં હવે પ્રાગ્અભાવનું લક્ષણ કહેવાય છે કે:

યન્નિવૃત્તાવેવ કાર્યસ્ય ઉત્પત્તિઃ સોડસ્ય પ્રાગભાવઃ ।

જે પર્યાય વિનષ્ટ થયે છતે અવશ્ય અપર=બીજા પર્યાયની ઉત્પત્તિ થાય તે ઉત્પદ્યમાન ઉત્તર પર્યાયથી જે પૂર્વનો વિનાશી પર્યાય છે તેને પ્રાગ્ અભાવ કહેવાય.

અહિં દ્રષ્ટાન્ત આ પ્રમાણે કે:

દૂધ નો વિનાશ થયે છતે દહિં ની ઉત્પત્તિ થાય છે તે માટે દૂધ ને દહિં નો પ્રાગ્ અભાવ કહેવાય.

પ્રાગ્ એટલે પહેલા=પૂર્વમાં જે અભાવ તેને પ્રાગ્ અભાવ કહેવાય.

દહીં પર્યાય ન હોય ત્યારે દૂધ ને પ્રાગ્અભાવ કહેવાય. આમ માટી નો પિંડ પણ ઘટ નો પ્રાગ્ અભાવ છે. અને તંતુપુંજ પણ પટ નો પ્રાગ્ અભાવ જાણવો.

હવે પ્રધ્વંસાભાવ નું લક્ષણ કહેવાય છે કે:

યસ્ય ઉત્પત્તૌ કાર્યસ્ય અવશ્યં વિપ્રતિપત્તિઃ સોડસ્ય પ્રધ્વંસાભાવઃ ।

જે પર્યાય ઉત્પન્ન થયે છતે અવશ્યે કરીને જે પર્યાય નો નાશ થાય છે તે વિનાશી પૂર્વપર્યાયથી ઉત્તર પર્યાય ને પ્રધ્વંસાભાવ કહેવાય છે.

Date

તેમાં દૃષ્ટાંત આ પ્રમાણે —:

જેમ દૂધનાં વિનાશમાં અવશ્યે કરીને દહીં ઉત્પન્ન થાય છે. તે દહીં ને પ્રધ્વંસાભાવ કહેવાય આ જ રીતે મૃતપિંડ નાં વિનાશમાં ઘટ ઉત્પન્ન થાય છે તો ઘટ ને પ્રધ્વંસાભાવ કહેવાય, આ રીતે તંતુપુંજ નાં વિનાશમાં પટ ઉત્પન્ન થાય તે પટ પ્રધ્વંસાભાવ કહેવાય. એટલે

પૂર્વ પૂર્વ પર્યાય ને પ્રાગભાવ કહેવાય અને ઉત્તર ઉત્તર પર્યાય ને પ્રધ્વંસાભાવ કહેવાય. દા.ત. દહીં માંથી છાશ પ્રગટે તેમાં દહીં ને પ્રાગભાવ અને છાશ ને પ્રધ્વંસાભાવ કહેવાય. એટલે દહીં ને પૂર્વપર્યાય દૂધ ની અપેક્ષાએ પ્રધ્વંસાભાવ કહેવાય અને ઉત્તરપર્યાય છાશની અપેક્ષાએ પ્રાગભાવ કહેવાય.

અહીં કોઈ પ્રશ્ન કરે કે ——

એક ને વિષે બે ધર્મ કેવી રીતે ઘટે? તેને સમજાવવા આપીએ કે ——

વસ્તુ અનંતધર્માત્મક છે એક જ પુરુષ ને વિષે ભ્રાતૃ, ભર્તૃ, પુત્ર, પૌત્ર દૌહિત્ર વગેરે ઘટે છે જેમ તે પુરુષ ને પુત્ર ની અપેક્ષાએ પિતા કહેવાય છે, ભાઈ ની અપેક્ષાએ ભ્રાતા કહેવાય છે, સ્ત્રી ની અપેક્ષાએ ભર્તાર કહેવાય છે, માતા ની અપેક્ષાએ પુત્ર કહેવાય છે, કોઈક નાં પુત્ર નાં પુત્ર ની અપેક્ષાએ પૌત્ર કહેવાય છે. કોઈક ની પુત્રી નાં પુત્ર ની અપેક્ષાએ દૌહિત્ર કહેવાય છે. પણ તે પુરુષ તો એક જ છે તેમ અહીં પણ સમજવું.

હવે અન્યોન્યાભાવ નું લક્ષણ કહેવાય છે —:

સ્વરૂપાન્તરાન્યરૂપવ્યાવૃત્તિરિતરેતરાભાવ:।

સીધી દૃષ્ટાંત થી આ વાત સમજાવવામાં આવે છે — જેમ ગાય અને અશ્વ બે પદાર્થ છે તેમાં ગાયનાં સ્વરૂપ ની નાસ્તિ (અભાવ) અશ્વમાં છે અને અશ્વ નાં સ્વરૂપ ની નાસ્તિ (અભાવ) ગાયમાં છે. અન્યોન્ય એટલે પરસ્પર એક બીજામાં એક બીજા નો અભાવ = એકેક માં એકેક નો અભાવ છે. તથા એના ચાર નામ છે —:

૧. અન્યોન્યાભાવ
૨. ઈતરેતરાભાવ
૩. પરસ્પરાભાવ
૪. અન્યાપોહ.

My Notes

હવે અત્યંતાભાવ નું લક્ષણ કહેવાય છે:-

કાલત્રયાપેક્ષિણીય તાદાત્મ્યપરિણામનિવૃત્તિરત્યન્તાભાવ: ll

વસ્તુમાં તાદાત્મ્યપણે જે પરિણામનો ત્રણકાળને વિષે અભાવ હોય તેને અત્યન્તાભાવ કહેવાય. તેમાં દષ્ટાન્ત આ પ્રમાણે:-

જેમ એક ચેતન આત્મતત્વ છે તે ક્યારેય પણ અચેતન થયો નથી થાય નહીં અને થશે પણ નહીં એમ જ જડધર્મી પુદ્ગલ ક્યારેય પણ તાદાત્મ્યભાવે ચેતનપણું પામે નહીં તેમાં એટલે કે પુદ્ગલમાં ચેતનપણાનો નિષેધ કરવો.

સંયોગભાવે પુદ્ગલ ચેતન સાથે અનંતીવાર જોડાયો છે અને જોડાશે પણ ખરો તો પણ બન્નેમાં પરસ્પરનો અત્યંતઅભાવ શાશ્વત છે. એટલે ચેતન વસ્તુમાં તાદાત્મ્યભાવે અચેતનનો અત્યંતાભાવ છે અને અચેતન વસ્તુમાં તાદાત્મ્યપણે ચેતનનો અત્યંતાભાવ છે.

અહીં કોઈ પ્રશ્ન કરે કે -

ઘટ પટ ને વિષે પણ અત્યંતાભાવ કહેવાય કેમ કે તે ઘટાત્મા પટ નથી અને પટાત્મા ઘટ નથી

ઉત્તર-: તેઓ ને આમ કહેવું કે — તમારી વાત સાચી ખરી પણ ત્રિકાલને વિષે આમ ન કહેવાય કારણ કે ક્યારેક ઘટાકારે પરિણમેલા પુદ્ગલ દ્રવ્ય તે પટાકારે પણ પરિણમશે તે માટે ત્યાં અત્યન્તાભાવ ન કહેવાય પણ તેમાં અન્યોન્યાભાવ કહેવાય ઈતિ અત્યન્તાભાવ: l

સંગ્રહ શ્લોકો:-

ક્ષીરે દધ્યાદિ યન્નાસ્તિ પ્રાગભાવ: સ ઉચ્યતે ।
નાસ્તિતા પયસો દધ્નિ પ્રધ્વંસાભાવલક્ષણમ્ ॥

ગવિ યોઽશ્વાદ્યભાવશ્ચ સોઽન્યોન્યાભાવ ઉચ્યતે ।
શશશૃઙ્ગાદિરૂપેણાત્યન્તાભાવસ્તુ મન્યતે ॥

ન વા વસ્તુત એવ સ્યુર્ભેદાસ્તે નાસ્ય વસ્તુનિ ।
ઇતિ જૈનમતે ભાવોભાવિનૌ(ભાવાભાવૌ હિ) વસ્તુરૂપકૌ ॥

એટલે આ રીતે (શ્રી જિનમતને વિષે) ભાવ સ્વભાવ અને અભાવ કહેવાયો તથા નૈયાયિક, વૈશેષિક, મીમાંસક વગેરે દર્શન ને વિષે અભાવ તે

ભાવ થી ભિન્ન પદાર્થ માને છે, તેથી તેઓ ને મિથ્યાવાદી જાણવા. તથા ચાર્વાક મત વાળા તો અભાવ માનતા જ નથી તેઓને પણ તેથી અનિષ્ટ ની પ્રાપ્તિ છે.

તે જ પ્રમાણે અકલંકાચાર્યજીએ કહ્યું છે કે —

કાર્યદ્રવ્યમનાદિ સ્યાત પ્રાગભાવસ્ય નિહ્નવે ।
પ્રધ્વંસસ્યૈવ કાર્યસ્ય પ્રોચ્યતે નિત્યતાં વ્રજેત ॥
સર્વાત્મકં ભવેદ્વિશ્વમન્યાપોહસ્યાતિક્રમે ।
ભવેદ્ધાનિઃ સ્વધર્મસ્યાત્યન્તાભાવપ્રલાપને ॥

આ નો અર્થ શ્રી સમંતભદ્ર સ્વામિએ અષ્ટસહસ્ત્રી ની ટીકા માં આ પ્રમાણે વર્ણવ્યો છે તેથી અહો! ચાર્વાક! જો તું પ્રાગભાવ નહીં માને તો કાર્યદ્રવ્ય ની અનાદિ માનવાની આપત્તિ આવશે. અને ઘટપટ વગેરે કાર્યદ્રવ્ય ની આદિ તો બાલ ગોપાલ સહુ જાણે છે. અને જો પ્રધ્વંસાભાવ નહીં માને તો સમસ્ત વસ્તુ અંતરૂપ થઈ જશે. અને કાર્યદ્રવ્ય નો વિનાશ તો સકલ લોકમાં પ્રસિદ્ધ છે. તથા અન્યાપોહ = અન્યોન્યાભાવ નહીં માને તો સમસ્ત વસ્તુ એકરૂપ થઈ જશે અને વસ્તુ તો સર્વ ભિન્ન-ભિન્ન દેખાય છે. તથા અત્યન્તાભાવ નહીં માને તો સ્વધર્મ કોઈ નહીં થાય. ચેતન જે આત્મા છે તે ક્યારેક અચેતન થઈ જશે. તથા જડાત્મા જે પુદ્ગલ તે ક્યારેક સર્વથા ચેતન પણ થઈ જશે પણ આવું ક્યારેય થયું નથી. માટે સર્વત્ર અભાવ માનવો તે પણ ભાવ સ્વભાવ રૂપ માનવો પણ તુચ્છ અભાવ રૂપ નહીં. કા.કે જો તુચ્છ સ્વભાવ માને તો તે પણ અનિષ્ટપણું પામે શ્રી ચિન્તામણિ શાસ્ત્ર ને વિષે પૂર્વપક્ષીએ કહ્યું છે —

દૃષ્ટસ્તાવદયં ઘટોऽત્ર ચ પતન્ દૃષ્ટસ્તથા મુદ્ગરો
દૃષ્ટાઃ કર્પરસંહતિઃ પરમિતોऽભાવો ન દૃષ્ટોऽપરઃ ।
સ્વાધીના કલશસ્ય કેવલમિયં દૃષ્ટા કપાલાવલી
તેનાભાવ ઇતિ શ્રુતિઃ ક્વ નિહિતા કિંચાત્ર તત્કારણમ્ ॥

— તત્ત્વચિન્તામણિ પ.૨. અભાવવાદ.

અહો! નૈયાયિકો! સહુ પ્રથમ ભૂતલ ને વિષે ઘટ જોવાયો ત્યારપછી તેનો ઉપર મુદ્ગરપાત જોવાયો ત્યાર પછી ખાપરા= ઠીકરાં જોવાયા ત્યારપછી બીજો કોઈ અભાવ જોવાયો નથી જો તમે એમ કહેશો કે અભાવ ઘટ ને વિષે જોવાયો છે તો એ વાત તો ખોટી છે. કા.કે ઘટ નો અભાવ નથી દેખાયો ઘટ ની તો કપાલાવલી દેખાઈ છે. માટે અભાવ એવી શ્રુતિ એ ક્યાં રહે છે? તેને માનવાનું કારણ શું

છે? તે માટે કપાલાવલીને જ અભાવ કહેવો જોઈએ જેથી સઘળીય વાત સંગત થઈ જાય.

॥ ઈતિ શ્રી દ્રવ્યલક્ષણમ્ ॥

## દ્રવ્યનાં ગુણ પર્યાય :

હવે દ્રવ્ય ગુણ પર્યાય લખાય છે=કહેવાય છે

ધર્માસ્તિકાય દ્રવ્ય તેના ચાર ગુણ છે.

૧. અરૂપી
૨. અચેતન
૩. અક્રિય
૪. ગતિ

ધર્માસ્તિકાયનાં પર્યાય ચાર છે.

૧. સ્કંધ
૨. દેશ
૩. પ્રદેશ
૪. અગુરુલઘુ.

અધર્માસ્તિકાય દ્રવ્યનાં પણ ચાર ગુણ છે.

૧. અરૂપી
૨. અચેતન
૩. અક્રિય
૪. સ્થિતિ

અધર્માસ્તિકાયનાં ચાર પર્યાય છે.

૧. સ્કંધ
૨. દેશ
૩. પ્રદેશ
૪. અગુરુલઘુ.

કાલદ્રવ્ય તેના પણ ચાર ગુણ છે.

૧. અરૂપી
૨. અચેતન.
૩. અક્રિય
૪. વર્તનાલક્ષણ

કાલદ્રવ્યનાં ચાર પર્યાય છે.

૧. અતીત
૨. અનાગત
3. વર્તમાન
૪. અગુરુલઘુ

જીવાસ્તિકાય દ્રવ્યનાં પણ ચાર ગુણ છે.

૧. જ્ઞાન
૨. દર્શન
3. ચારિત્ર
૪. વીર્ય

જીવાસ્તિકાયનાં ચાર પર્યાય છે.

૧ અવ્યાબાધ
૨. અનવગાહ
3. અમૂર્ત
૪. અગુરુલઘુ

પુદ્ગલાસ્તિકાય દ્રવ્યનાં પણ ચાર ગુણ છે.

૧. રૂપી
૨. અચેતન
3. સક્રિય
૪. પૂરણગલન સ્વભાવ

પુદ્ગલાસ્તિકાયનાં ચાર પર્યાય છે.

૧. વર્ણ
૨. ગંધ
3. રસ
૪. સ્પર્શ.

## દ્રવ્યનાં આઠ પક્ષ:

હવે દ્રવ્યનાં આઠ પક્ષ કહેવાય છે જ:

૧. નિત્ય ૨. અનિત્ય 3. એક ૪. અનેક. ૫. સત્ ૬. અસત્ ૭. વક્તવ્ય ૮. અવક્તવ્ય

આ આઠ પક્ષ છે. તેને હવે સમજાવવામાં આવે છે

આ રીતે જ:

My Notes — Date

તેમાં છ એ દ્રવ્ય પોતાના મૂળગુણો કરી નિત્ય છે.
અને તે છ એ દ્રવ્ય અગુરુલઘુ પર્યાયે કરી અનિત્ય છે.
અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વ, પ્રમેયત્વ અને સત્વ એ પાંચ ગુણે કરી છ એ દ્રવ્ય એક છે.
અગુરુલઘુ પર્યાયે કરી સપ્રદેશીપણું હોવાથી છ એ દ્રવ્ય અનેક છે.
સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાલ અને સ્વભાવપણે છ એ દ્રવ્ય સત્ છે.
પર દ્રવ્ય, પર ક્ષેત્ર, પરકાલ અને પર ભાવ પણે છ એ દ્રવ્ય અસત્ છે.
દ્રવ્યપણે છ એ દ્રવ્ય વક્તવ્ય છે.
અને અનંતગુણ – અનંત પર્યાયે કરીને છ એ પણ દ્રવ્ય અવક્તવ્ય છે.

તથા નિત્ય – અનિત્ય નાં ચાર ભાંગા છે.

૧. અનાદિ અનંત
૨. અનાદિ સાંત
૩. સાદિ સાંત
૪. સાદિ અનંત

જીવ ને વિષે ૧. અનાદિ અનંત ચેતનતા છે.
૨. અનાદિ સાંત ભવ્યતા છે.
૩. સાદિ સાંત મત્યાદિ ચાર જ્ઞાન છે.
અને ૪. સાદિ અનંત સિદ્ધપણું છે.

ધર્માસ્તિકાયમાં ૧. અનાદિ અનંત ગતિગુણ છે.
૨. અનાદિ સાંત દેશપણું છે.
૩. સાદિ સાંત અગુરુલઘુપર્યાય અથવા સ્કંધપણું.
૪. સાદિ અનંત એ સિદ્ધ નાં જીવ સાથે નો સંબંધ.

એમ પંચાસ્તિકાયમાં જાણી લેવું.

એક – અનેક નાં ચાર ભેદ આ પ્રમાણે છે:
૧. કર્તા. ૨. અકર્તા ૩. ભોક્તા ૪. અભોક્તા.

નિશ્ચયનયે કરી આત્મા સ્વગુણ નો કર્તા છે.
પરગુણ નો અકર્તા છે.
સ્વગુણ નો ભોક્તા છે.
અને પરગુણ નો અભોક્તા છે.

વ્યવહારનયે કરી આત્મા સ્વકૃતકર્મ નો કર્તા – ભોક્તા છે.
પરકૃતકર્મ નો અકર્તા – અભોક્તા છે.

卐

# સપ્તભંગી

અહીં સત્ - અસત્ નાં સાત ભાંગા તૈયાર થાય છે :

1. સ્યાત્ અસ્તિ
2. સ્યાત્ નાસ્તિ
3. સ્યાત્ અસ્તિ નાસ્તિ
4. સ્યાત્ અવક્તવ્યમ્
5. સ્યાત્ અસ્તિ અવક્તવ્યમ્
6. સ્યાત્ નાસ્તિ અવક્તવ્યમ્
7. સ્યાદસ્તિનાસ્તિયુગપત્ - અવક્તવ્યમ્

એ સપ્તભંગી નાં નામ જાણવા.

હવે એના અર્થ કહેવાય છે.

સ્યાત્ અસ્તિ એટલે અનેકાન્ત પણે નાસ્તિ ની અપેક્ષા સહિત સ્વદ્રવ્ય વસ્તુનાં મૂલગુણ, સ્વક્ષેત્ર દ્રવ્યની અવગાહના સ્વકાલ દ્રવ્યની ચાલ અને સ્વભાવ દ્રવ્યનાં સર્વગુણપર્યાય શુદ્ધ છે. તે જ સમજવાય છે.

જીવદ્રવ્ય ને સ્વદ્રવ્ય ચેતના લક્ષણ સર્વપ્રદેશ ષડ્ગુણહાનિ - વૃદ્ધિ હોય છે તે આ પ્રમાણે :- 1. અનંતભાગ વૃદ્ધિ.
2. અસંખ્યાત ભાગ વૃદ્ધિ.
3. સંખ્યાત ભાગ વૃદ્ધિ
4. સંખ્યાત ગુણ વૃદ્ધિ
5. અસંખ્યાત ગુણ વૃદ્ધિ
6. અનંત ગુણ વૃદ્ધિ.

ષડ્ગુણ હાનિ પણ આ પ્રમાણે જાણવી.

સ્વભાવ અનંત જ્ઞાનાદિ ગુણપર્યાય દ્વારા અસ્તિ કહેતાં ઘટે છે. 1.

સ્યાત્ કહેતાં અનેકાન્તપણે અસ્તિ ની અપેક્ષા સહિત પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાલ અને પરભાવ તે જીવ ની અપેક્ષાએ એ પાંચ અજીવ દ્રવ્ય નાં જાણવા.

અપેક્ષાએ નાસ્તિ કહેતાં નથી છે. એ ૨ જો ભાંગો.

અહીં શિષ્ય પ્રશ્ન કરે છે :-

અસ્તિ નાસ્તિ એ બન્ને પક્ષ એક દ્રવ્ય માં એક સમયે છે કે

My Notes

Date

સમયાંતરે છે ?

ત્યા ગુરુ મ. કહે છે —: સ્યાત્ અસ્તિ નાસ્તિ અને સ્યાત્ અનેકાંત એ અસ્તિ નાસ્તિ કહેતાં છે પણ અને નથી પણ. એ બન્ને અવસ્થા એક સમયે હોય એ ૩ જો ભાંગો.

પ્રશ્ન —: આ બન્ને અવસ્થા વક્તા ને એક સમયે કથન કરવી શક્ય નથી તો શું કરવું ?

ઉત્તર —: ગુરુ મ. કહે છે કે સ્યાત્ અવક્તવ્ય. સ્યાત્ એટલે અનેકાન્ત પણે અવક્તવ્ય એટલે વચનથી અગોચર જે હોય તે. આ ૪ થો ભાંગો.

અહીં શિષ્ય પ્રશ્ન પૂછે છે. તો આ સિદ્ધાન્ત ને પ્રવચન કેમ કહો છો? ત્યારે ગુરુ મ. કહે છે કે એ અસ્તિ અવક્તવ્ય એટલે એ છએ દ્રવ્યપણે વચન ગોચર છે પણ અસ્તિપણે અવક્તવ્ય છે.

આ પાંચમો ભાંગો આમ જ છે.

છઠ્ઠો ભાંગો નાસ્તિપણે અવક્તવ્ય છે. તો હવે દ્રવ્યસ્વરૂપ કેવું છે? અસ્તિ નાસ્તિ યુગપત્ અવક્તવ્ય છે. એ દ્રવ્યમાં અસ્તિ નાસ્તિ બન્ને અવસ્થા એક સમયે છે. પણ એક સમયે બન્ને કહી શકાય નહીં તેવી અવક્તવ્ય છે. આ સાતમો ભાંગો સંપન્ન થયો.

આ રીતે

એ સાત ભાંગા સામાન્યરૂપ છે. વિશેષ નયે કરી એક એક દ્રવ્યમાં ગુણપર્યાયનાં પ્રવાહ દ્વારા (કે આશ્રય દ્વારા) સાત ભાંગા થાય છે.

આ સપ્તભંગી સિદ્ધ પરમાત્મા માં અનવચ્છિન્ન છે.

Date

# સાતનય

હવે વક્તવ્યતા અવક્તવ્યતા નાં સાત ભેદ છે તે નય સ્વરૂપે ફરી કહેવાય છે.

૧. નૈગમ નય.
૨. સંગ્રહ નય
૩. વ્યવહાર નય
૪. ઋજુસૂત્ર નય
૫. શબ્દ નય
૬. સમભિરૂઢ નય
૭. એવંભૂત નય.

તેમાં નૈગમનય અંશગ્રાહી છે. તે અંશ ને પણ સંપૂર્ણ વસ્તુ કહે. જેમકે - સૂક્ષ્મનિગોદીયા જીવમાં અક્ષરનાં અનંતમા ભાગે જ્ઞાન છે તેથી તે સિદ્ધ સમાન છે. અને તેરમાં અને ચૌદમાં ગુણઠાણે વર્તતા જીવમાં કર્મનો અંશ હોવા માત્ર થી તેને નૈગમનયે સંસારી કહેવાય.

- સંગ્રહનય સત્તાગ્રાહી છે. - સર્વ જીવ એક સમાન છે સત્તા હોવાથી.
- જીવ અને પુદ્ગલનાં ભેદ વ્યવહાર નયે કહેવાય છે.

જેમ જીવનાં બે ભેદ - : ૧. સિદ્ધ ૨. સંસારી

| | | |
|---|---|---|
| સંસારીનાં " | ૧. અયોગી. | ૨. સયોગી. |
| સયોગીનાં " | ૧. છદ્મસ્થ | ૨. કેવલી. |
| છદ્મસ્થનાં " | ૧. ક્ષીણમોહ | ૨. ઉપશાંત મોહ |
| ઉપશાંતમોહનાં " | ૧. અકષાયી | ૨. સકષાયી |
| સકષાયીનાં " | ૧. સૂક્ષ્મ સકષાયી | ૨. બાદર સકષાયી. |
| બાદરસકષાયીનાં " | ૧. અનિવૃત્તિ બાદર | ૨. નિવૃત્તિ બાદર. |
| નિવૃત્તિ બાદર નાં " | ૧. શ્રેણિ પ્રતિપન્ન | ૨. શ્રેણિ અપ્રતિપન્ન |
| શ્રેણિ અપ્રતિપન્નનાં " | ૧. અપ્રમત્ત | ૨. પ્રમત્ત |
| પ્રમત્ત નાં " | ૧. સર્વવિરતિ | ૨. દેશવિરતિ. |
| દેશવિરતિનાં " | ૧. વિરતિ | ૨. અવિરતિ |
| અવિરતિ નાં " | ૧. સમ્યક્ત્વી | ૨. મિથ્યાત્વી |
| મિથ્યાત્વીનાં " | ૧. ભવ્ય | ૨. અભવ્ય. |
| ભવ્યનાં " | ૧. ગ્રંથિભેદ | ૨. અગ્રંથિભેદ. |

My Notes

Date

અર્થીભેદનાં બે ભેદ ૧. પરિત્ત સંસારી ૨ અપરિત્ત સંસારી
એમ વિધિ પ્રમાણે જીવનાં ભેદ વિચારવા.

અહીં પુદ્ગલનાં પણ બે ભેદ કહેવાય છે
૧. અણુ ૨. સ્કંધ.

સ્કંધનાં પણ બે ભેદ છે ૧. સૂક્ષ્મ સ્કંધ ૨. બાદર સ્કંધ.
તે એકેકનાં પણ બે ભેદ છે. ૧. સચિત્ત ૨. અચિત્ત
તેના પણ બે ભેદ છે ૧. જીવ ગૃહિત ૨. અજીવ ગૃહિત
એમ રીતે અનેક ભેદ વિચારવા.

- વર્તમાનકાળ અને વર્તમાન ભાવ જે ગ્રહણ કરે તેને ઋજુસૂત્ર નય કહેવાય. જેમ સાધુપણામાં વર્તે તેને સાધુ કહેવાય અને ગૃહસ્થપણામાં વર્તે તે સાધુ નહીં પણ ગૃહસ્થ જ કહેવાય.
- જે અક્ષરરૂપ માત્ર નામ મુખને જ ગ્રહણ કરે તે શબ્દ નય કહેવાય.
- જે ગુણ સહિત ગુણની ઉપમા ગ્રહણ ન કરતાં અર્થાંતરને ગ્રહણ કરે અર્થાત વસ્તુને વસ્તુ કહે તે સમભિરૂઢ નય કહેવાય.

ગુણ પર્યાય સહિત સંપૂર્ણ અવસ્થાને પ્રાપ્ત વસ્તુને જ વસ્તુ કહે કેવલજ્ઞાન વગેરે ગુણ પ્રગટ થાય ત્યારે જ સિદ્ધને સિદ્ધ કહેવાય અર્થાત સિદ્ધસ્થાનને પ્રાપ્ત જીવને જ સિદ્ધ કહેવાય.

- નૈગમનયે કરી જીવ શાશ્વત છે અને પ્રણેય કાળ જયવંત છે.
- સંગ્રહનયે કરી જીવ અનંત ગુણપર્યાય સહિત સદાકાલ વર્તે છે.
- વ્યવહાર નયે કરી જીવ સકર્મી છે.
- ઋજુસૂત્ર નયે કરી જીવ કર્મબંધનાં ઉપયોગમાં વર્તતો સકર્મી છે. તેમ કર્મક્ષયનાં ઉપયોગમાં વર્તતો અકર્મી છે.
- શબ્દનયે કરી જીવ એ નામથી જ બોલાવવામાં આવે છે. નહીં તો વચન અગોચર થાય
- સમભિરૂઢ નયે કરી જીવ ગુણ-પર્યાયને ઓળખે.
- એવંભૂત નય વસ્તુની સત્તાને ગ્રહે. આમ સ્વયંનાં ઉપયોગમાં છ એ દ્રવ્યને વિષે સાત નય લગાડવા.

Date

## સાત નય નાં ઉત્તરભેદ :-

હવે સાત નય નાં ઉત્તરભેદ કહેવાય છે -:

તેમાં નૈગમનય નાં ત્રણ ભેદ છે.

૧. અતીત નૈગમ

૨. અનાગત નૈગમ

૩. વર્તમાન નૈગમ.

સંગ્રહનય નાં બે ભેદ છે.

૧. સામાન્ય સંગ્રહ

૨. વિશેષ સંગ્રહ

વ્યવહારનય નાં છ ભેદ છે.

૧ શુદ્ધ વ્યવહાર ૨. અશુદ્ધ વ્યવહાર.

૩. સદ્‌ભૂત વ્યવહાર ૪. અસદ્‌ભૂત વ્યવહાર.

૫. ઉપચરિત વ્યવહાર ૬. અનુપચરિત વ્યવહાર.

ઋજુસૂત્ર નય નાં બે ભેદ છે.

૧. સૂક્ષ્મ ઋજુસૂત્ર નય

૨. સ્થૂલ ઋજુસૂત્ર નય.

શબ્દનય નાં ચાર ભેદ છે.

૧. નામ ૨. સ્થાપના ૩. દ્રવ્ય ૪. ભાવ. આ પ્રમાણે સર્વનય નાં ઉત્તરભેદ કથન કરાયા.

## નિક્ષેપ :-

હવે નિક્ષેપા કહેવાય છે.

નામનિક્ષેપો તે નામમાત્ર ને અંગીકાર કરે, ગુણ સહિત નિર્ગુણ ની વિચારણા ન કરે.

સ્થાપના નિક્ષેપો તે આકાર સહિત વસ્તુ અંગીકાર કરે.

દ્રવ્ય નિક્ષેપો તે જે ઉપયોગ વિના સંપૂર્ણ વસ્તુ ગ્રહણ કરે.

ભાવ નિક્ષેપો તે ગુણ સહિત વસ્તુ પ્રમાણ કરે નિર્ગુણ વસ્તુ ને ગ્રહણ ન કરે.

આ રીતે સમસ્ત નય ભંગસહિત પ્રમાણ નિક્ષેપ પરક્ષેપતમા? તમા? શુદ્ધચેતન પરમાનંદમય મહાનંદજ્ઞાનદાયક સકલકર્મોપાધિરહિત લોકાલોક વેત્તા સ્વજ્ઞાનાદિગુણસમૂહકર્તા અનંત અવિગમ અક્ષય અવ્યય

Date

ક્ષુવ મહારસી સર્વદર્શી ગુણવાન મોક્ષકારણ
મોહમહાજ્ઞાનજ્ઞાયક દિયાન દિયાતા દિયેય એક એકત્વજ્ઞાન-ગમ્ય એવો આત્મા સ્વલ્પબુદ્ધિ જીવ ને અગોચર છે.

એવા મારા પરમાત્મા એ મારા દિયેય છે ઉપાદેય છે અને મોક્ષ ના બીજ સ્વરૂપ છે...

જાણુ જે સર્વ પરિવસ્તુનો સંયોગ છે તેમાં આ હેય છે એવો તદ્રૂપ સંસ્કાર છે. એમાં જે સંબંધ છે તે પણ મારો નથી આ પ્રમાણે સમ્યગ્દૃષ્ટિ આત્મા - મોક્ષાર્થી જીવ વિચાર કરે.

## મોક્ષપ્રાપ્તિ નો ક્રમ:

હવે મોક્ષપ્રાપ્તિ નો ક્રમ લખવામાં આવે છે.

મોક્ષ એ સકલ કર્મક્ષય લક્ષણ છે. તે મોક્ષ ને કારણે ચાર અઘાતી કર્મો ખપાવવા.

તે ચાર અઘાતી કર્મો કેવી રીતે ખપે?

તે કેવલજ્ઞાન વગેરે ચાર ગુણ થી ખપે.

તે કેવલજ્ઞાન વગેરે ગુણ કેવી રીતે ઉત્પન્ન થાય?

તે ઘનઘાતી કર્મો ને ખપાવવાથી ઉત્પન્ન થાય.

તે ઘાતીકર્મો કેવી રીતે ખપે?

તે ઘાતીકર્મો યથાખ્યાત ચારિત્રથી ખપે.

યથાખ્યાત ચારિત્ર કેવી રીતે મળે?

તે લોભમોહનીય નાં ક્ષયથી પ્રાપ્ત થાય.

લોભમોહનીય શી રીતે ખપે?

તે સૂક્ષ્મસંપરાય ચારિત્રથી ખપે.

સૂક્ષ્મસંપરાય ચારિત્ર નાં કારણ કોણ?

તેનું કારણ સંજ્વલન ની ત્રણ પ્રકૃતિ નો ક્ષય છે.

તે સંજ્વલન ની ત્રણ પ્રકૃતિ ક્યા કારણે ખપે?

તે ત્રણ પ્રકૃતિ અપૂર્વકરણ નાં પરિણામથી ખપે.

અપૂર્વકરણ પરિણામ નું કારણ કોણ?

તેનું કારણ દર્શનમોહનીય નો ક્ષય છે.

દર્શનમોહનીય નાં ક્ષય નું કારણ કયુ?

તેનું કારણ સર્વવિરતિ છે.

સર્વવિરતિનું કારણ પ્રત્યાખ્યાનીય કષાયની ક્ષપણા છે.
પ્રત્યાખ્યાનીય કષાયની ક્ષપણાનું કારણ દેશવિરતિ છે.
દેશવિરતિનું કારણ અપ્રત્યાખ્યાનીય ચાર કષાયની ક્ષપણા છે.
અપ્રત્યાખ્યાનીય ચાર કષાય ક્ષય નું કારણ સમ્યકત્વ છે.
સમ્યકત્વની કારણોત્પત્તિ સાત પ્રકૃતિનાં ક્ષયથી અથવા ક્ષયોપશમથી.
સાત પ્રકૃતિનાં ક્ષયાદિમાં કારણ અપૂર્વકરણ છે.
અપૂર્વકરણમાં કારણ મોહનીયની સ્થિતિનો ક્ષય છે.
મોહનીય સ્થિતિ ક્ષયમાં કારણ યથાપ્રવૃત્તકરણ છે.
યથાપ્રવૃત્તકરણમાં કારણ સાતકર્મનો સ્થિતિઘાત છે.
સાતકર્મની સ્થિતિઘાતનું કારણ કષાયની મંદતા છે.
મંદકષાયપણાનું કારણ આત્મવીર્યગુણનાં પર્યાયથી ગર્ભિત વિશુદ્ધતા નામનો પર્યાય છે.

આ અનુક્રમથી કર્મનો ક્ષય છે તેનાથી ગુણનો પ્રકાશ થાય અને ગુણપ્રકાશથી કર્મ ક્ષય છે.

તે કારણે જ્ઞાન એવો પ્રાણી ગુણપ્રકાશમાં ઉદ્યમ કરે. અને તે શ્રુતજ્ઞાનથી થાય.

અને તે હેયોપાદેયની પરીક્ષા તેને શ્રુતજ્ઞાન કહેવાય.

તે શ્રુતજ્ઞાનનાં બે ભેદ છે.

૧. શુદ્ધ શ્રુતજ્ઞાન ૨. અશુદ્ધ શ્રુતજ્ઞાન.

શુદ્ધ શ્રુતજ્ઞાનનાં પણ બે ભેદ છે.

૧. સ્વરૂપ શ્રુતજ્ઞાન ૨. પરરૂપ શ્રુતજ્ઞાન

અશુદ્ધ શ્રુતજ્ઞાનનાં પણ બે ભેદ છે.

૧. શુભ ૨. અશુભ.

આ પ્રમાણે જીવાજીવાદિક ષટ્ પદાર્થ સદા કાલ શાશ્વતા એ પોતપોતાના ગુણે કરી વર્તે છે. આ તત્ત્વ છે.

આ પ્રમાણે
દ્રવ્યગુણપર્યાયનું સ્વરૂપ અને
મોક્ષપ્રાપ્તિનું સ્વરૂપ કહેવાયું.

# આત્મપ્રાપ્તિ વિધિ :

હવે આત્મપ્રાપ્તિની વિધિ લખવામાં આવે છે.

કારણ કે આત્મસ્વરૂપની પ્રાપ્તિ વિના ક્યારેય પણ કોઈપણ કાળે મોક્ષની પ્રાપ્તિ થતી નથી.

જેમ કોઈ પુરુષ નગરનાં નામ-સ્વરૂપને જાણતો અને અન્યને પૂછીને નગરે પહોંચી જાય છે તેમ જીવને સંસારથી છોડાવનાર સમ્યક્જ્ઞાન જ છે.

કહ્યું પણ છે કે :

વિરયા સાવજ્જાઓ કસાયહીણા મહવ્વયધરા વિ ।
સમ્માદિટ્ઠીવિહીણા કયા વિ મુક્ખં ન પાવંતિ ॥ સં.શ્ર. ૧૦॥

અર્થ : સર્વ સાવદ્યથી વિરામ પામેલા હોય, વળી ક્રોધાદિ કષાયથી રહિત હોય, પંચ મહાવ્રતરૂપ બાહ્ય ચારિત્રથી સહિત હોય તો પણ જો સમ્યગ્દૃષ્ટિ રહિત હોય તો કોઈપણ કાળે મોક્ષ પામે નહીં.

ગાથા -

નયભંગપમાણેહિં જો અપ્પા સાવયભાવેણ ।
જાણઇ મોક્ખસરૂવં સમ્માદિટ્ઠી ય સો ણેયો ॥ સં.શ્ર. ૧૨॥

તે જીવ સમ્યગ્દૃષ્ટિ જાણવો તે ક્યો ? જે આપણો આત્મા મોક્ષસ્વરૂપ, મોક્ષગતિ, પરમાનંદમય અચલ અવિનાશી અનંત અનાદિ અબંધ એવા આત્માને સ્યાદ્વાદભાવે જાણે માને સદ્દહે અનુભવે તેને સમ્યગ્દૃષ્ટિ જાણવો.

## સ્વભાવપર્યાય

તે કેવી રીતે ? આ પ્રમાણે - નયો સાત છે. તેમાં મૂલ જે સ્વભાવ છે. એક દ્રવ્યત્વ, પ્રમેયત્વ, અગુરુલઘુત્વ એ સામાન્યગુણ છે. અને બીજો અસાધારણગુણ છે તે આ પ્રમાણે :

ધર્માસ્તિકાયમાં ગતિ ચાલનગુણ
અધર્માસ્તિકાયમાં સ્થિતિ ગુણ
આકાશમાં અવગાહ ગુણ
કાલમાં રંગપરાવર્તનાનાં ગુણ.

પુદ્ગલદ્રવ્યનો વિશે ચાર અસાધારણગુણ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ.
જીવદ્રવ્યનો ચેતનાલક્ષણ જ્ઞાનગુણ છે. તેમજ દર્શન, ચારિત્ર, વીર્યગુણ.

અસાધારણ અને સાધારણ ગુણ

અમૂર્તાદિક પર્યાયનાં બે ભેદ છે. એક સ્વભાવ પર્યાય તે અગુરુલઘુવિકાર તેના ૧૨ ભેદ તે ષડ્ગુણ વૃદ્ધિ - હાનિ રૂપ જાણવા.

૧. અનંતભાગ વૃદ્ધિ.
૨. અસંખ્યાતભાગ વૃદ્ધિ.
3. સંખ્યાતભાગ વૃદ્ધિ.
૪. સંખ્યાતગુણ વૃદ્ધિ
૫ અસંખ્યાતગુણ વૃદ્ધિ
૬ અનંતગુણ વૃદ્ધિ.

તથા

૧. અનંતભાગ હાનિ ૨. અસંખ્યાતભાગ હાનિ 3. સંખ્યાતભાગ હાનિ.
૪. સંખ્યાતગુણ હાનિ ૫. અસંખ્યાતગુણ હાનિ ૬. અનંતગુણ હાનિ.
આ ૬ + ૬ = કુલ બાર'ય પર્યાય છ એ દ્રવ્યમાં સમાન છે.

## વિભાવ પર્યાય

હવે બીજો વિભાવ પર્યાય નામનો ભેદ છે. તે પુદ્ગલદ્રવ્ય અને જીવદ્રવ્યનો છે. તથા શુદ્ધ દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ આપણો આત્મા સિદ્ધ ભ. સમાન અષ્ટગુણ ધારી છે.

પર્યાયાર્થિક નયની અપેક્ષાએ સ્વભાવ પર્યાયે કરી આત્મા સદા સિદ્ધ છે. અને સાંત પર્યાયે કરી અજ્ઞાન સંબંધી જીવ સંસારી છે.

નૈગમનય અંશગ્રાહી છે. જેમ આઠ પ્રદેશનાં કારણે સર્વ જીવો સિદ્ધ છે.
સંગ્રહનય સત્તાગ્રાહી છે તે કારણે સર્વ જીવો સિદ્ધ સ્વરૂપ છે.
વ્યવહાર નય ભેદ કરવાવાળો છે. તેના મતે જીવનાં બે ભેદ-: ૧. સિદ્ધ ૨. સંસારી સંસારીનાં બે ભેદ-: એક સયોગી બીજો અયોગી.
સયોગીનાં બે ભેદ-: એક છદ્મસ્થ અને બીજો કેવલી.
છદ્મસ્થનાં પણ બે ભેદ-: એક ક્ષાયક બીજો ઉપશામક વગેરે.
ઋજુસૂત્રનયે જે જીવ જે પરિણામે પરિણમતો વર્તે તે સમયે તે જીવ તેવો કહેવાય. જેમ સમતામય જીવની પરવસ્તુમાં ચેતના હોય ત્યારે તે અજ્ઞાની કહેવાય અને સમતામય જીવ સિદ્ધ સમાન જે સ્વયં ચેતના આત્માને દિપાવે તે સમયે તે જીવ સિદ્ધ કહેવાય.
શબ્દનયે કરી નામાદિ સિદ્ધને પણ સિદ્ધ કહેવાય.

My Notes Date

સમભિરૂઢનયથી પર્યાયને ગ્રહણ કરે એટલે સિદ્ધપર્યાયવંતને સિદ્ધ કહેવાય.

એવંભૂતનય સંપૂર્ણ ગુણપર્યાયને ગ્રહણ કરે એટલે સ્વયં પોતાની ક્રિયા કરતો તે અચલ એવો જીવ ગ્રહણ કરાય.

અર્થાત્ સિદ્ધ સ્થાનને પ્રાપ્ત જીવને જ સિદ્ધ કહેવાય.

આ રીતે સર્વ વસ્તુને વિષે સાત નય જાણવા - વિચારવા.

# સાતભંગી

નય જે દ્રવ્યને અનંત ધર્મવચનો દ્વારા સાત ભંગ નિર્મિત કરે તે.

(૧) સ્યાત્ અસ્તિ - સ્વદ્રવ્ય - ક્ષેત્ર - કાળ અને ભાવપણા વડે
જેમ - સ્વદ્રવ્ય = ચેતનગુણ અનંત
સ્વક્ષેત્ર = ચરમશરીર ત્રિભાગન્યૂન અથવા અસંખ્યાત - પ્રદેશ સમાન - પ્રમાણ ચેતનત્વ.
સ્વકાળ = ઉત્પાદવ્યય સ્વરૂપ અગુરુલઘુપર્યાયે કરી પરિણમન
સ્વભાવ = તે જ્ઞાન-દર્શન-ચારિત્ર-વીર્ય ગુણકારી એવો જીવ - દ્રવ્ય વિદ્યમાન છે.

(૨) સ્યાત્ નાસ્તિ - પર દ્રવ્ય - ક્ષેત્ર - કાળ - ભાવપણા વડે.
પરદ્રવ્ય = અચેતન
પરક્ષેત્ર = પાંચેય દ્રવ્ય પોતાની અવગાહના સમાન જડતા
પરકાળ = પોતાનો અગુરુલઘુપર્યાય
પરભાવ = પોતપોતાનો વિશેષગુણ
આ રીતે પરદ્રવ્યાદિનાં ગુણ એ ચેતનમાં નથી આ પ્રમાણે નાસ્તિ છે એ કારણ.

(3) સ્યાત્ અસ્તિ નાસ્તિ = એ બન્ને ભાવ એક સમયે છે.

(૪) સ્યાત્ અવક્તવ્ય = આ કારણથી અવક્તવ્ય છે. કોઈ એક સમયે એકાંત વચને કહી શકાય નહીં. કારણ કે વચન એ અસંખ્યસમયાત્મક છે અને આત્મદ્રવ્ય એક સમયમાં પણ અનંત ગુણપર્યાયમય છે.

(૫) સ્યાત્ અસ્તિ અવક્તવ્યમ્ - સ્યાત્ એટલે અનેકાન્તપણે

Date

અસ્તિ = છે તેનું અવક્તવ્યપણું છે.

(૬) આ જ રીતે સ્યાત્ નાસ્તિ અવક્તવ્યમ

તો આ દ્રવ્ય સ્વરૂપ કેવું છે ?

સ્યાત્ અસ્તિ નાસ્તિ યુગપત્ અવક્તવ્યમ્ = સ્યાત્ = સ્યાદ્વાદપણે સમજાણે અસ્તિ નાસ્તિ એક સમયે વચન અગોચર છે.

## અનેક ધર્માત્મક આત્મા :

* આમ અનેક ધર્માત્મક આત્મા સ્યાદ્વાદભાવે કરી જાણે તે સ્યાદ્વાદનો પક્ષ છે. કુલ આઠ પક્ષ છે :

૧ નિત્ય  ૩. એક  ૫. સત્  ૭. વક્તવ્ય

૨. અનિત્ય  ૪. અનેક  ૬. અસત્  ૮. અવક્તવ્ય.

નિત્ય - તે આત્મા પોતાના ચેતનત્વ ગુણે કરી નિત્ય છે.

અનિત્ય - તે આત્મા અગુરુલઘુ પર્યાયે કરી અનિત્ય છે દ્રવ્યથી નિત્યાનિત્ય છે

એક - તે આત્મા ક્ષાયિક ગુણે કરી એક છે.

અનેક - તે આત્મા અસંખ્યાત પ્રદેશપણાથી અનેક છે. દ્રવ્યપણે એકાનેક છે.

સત્ - સ્વદ્રવ્ય પર્યાયે કરી આત્મા સત્ છે

અસત્ - પરદ્રવ્યપર્યાયે કરી આત્મા અસત્ છે.

અવક્તવ્ય - ઉભયસ્વરૂપે સત્ અસત્ એક સમયે એક સાથે કથન ને યોગ્ય નથી તે કારણે અવક્તવ્ય છે.

આમ પરકીય અપેક્ષાથી સ્યાદ્વાદ ઘટ્યો છે. અને સ્વઅપેક્ષાએ કરી નિત્ય ચેતનતા અનિત્ય અગુરુલઘુપર્યાય

એક ચેતના  અનેક અસંખ્યાત પ્રદેશ

સત્ નિત્યત્વ છે.  અસત્ અનિત્યત્વ છે.

અનિત્યત્વમાં અનિત્યત્વ સત્ છે અને નિત્યત્વ અસત્ છે.

એકત્વમાં એકત્વ સત્ છે અને અનેકત્વ અસત્ છે.

અનેકત્વમાં અનેકત્વ સત્ છે અને એકત્વ અસત્ છે.

નિત્યત્વ અનિત્યત્વ એકત્વ અનેકત્વ ભિન્ન વચન વક્તવ્ય છે. એક સમયમાં અવક્તવ્ય છે. તો વસ્તુ સ્વરૂપ કેવા પ્રકારનું છે ?

એક જ સમયે નિત્ય પણ છે અનિત્ય પણ છે. જે સમયે એક છે તે જ સમયે અનેક પણ છે. એ જ રીતે સત્ છે અસત્ પણ છે. એક જ સમયે વક્તવ્ય પણ છે અવક્તવ્ય પણ છે. એ આઠ પક્ષ એક પક્ષમાં રહ્યા છે.

એક સમયમાં

My Notes

My Notes



આ રીતે સ્યાદ્વાદ વડે છ એ દ્રવ્યને જાણે અને છ દ્રવ્યમાં ચેતન લક્ષણ જીવદ્રવ્ય પોતાના જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્યમય અવિનાશી છે.

અનંત પરમાનંદમય એવો આપણો આત્મા જ ઉપાદેય છે એમ કરી. એનું ધ્યાન કરવું.

આ રીતે આત્માનાં મોક્ષનું કારણ મોક્ષમય શ્રદ્ધા તેને સમ્યક્ત્વી જાણે અર્થાત્ સ્યાદ્વાદ વડે પોતાના આત્માને જાણે માને તે સમ્યક્ત્વી કહેવાય. નહીં તો મિથ્યાત્વી કહેવાય.

## સમ્યક્ત્વનાં આઠ ગુણ:

હવે સમ્યક્ત્વ નાં આઠ ગુણ જે રીતે પ્રગટે તે કહેવાય છે.: તેમાં પ્રથમ નિ:શંકગુણ તે જેને શંકા, ભય, શોક જેને ન હોય તેને નિ:શંક કહેવાય.

એટલે જ્ઞાતાને ઈહલોક ભય હોય નહીં જે કારણથી તે સમ્યક્ત્વી સુખ-દુઃખ, પુણ્ય-પાપફળને જાણે છે તે કારણથી તેને ઈહલોક ભય હોય નહીં. તે આત્માને પુણ્ય-પાપથી ભિન્ન કરી જાણે તેથી તેને ઈહલોક કે પરલોક નો ભય હોય નહીં.

તથા જ્ઞાતા (સમ્યગ્દૃષ્ટિ) ને વેદના ભય પણ હોય નહીં કા.કે તે એવું વિચારે કે વેદના એ ભય કર્મગુણ છે અને મારો આત્મા એ જ્ઞાનમય છે.

તથા જ્ઞાતા એવો જીવ પોતાના આત્માને અમર-અવિનાશી કરીને = માનીને વિચારે છે તેથી તેને મરણભય ન હોય.

તથા જ્ઞાતા એવો આત્મા પોતાને અક્ષય-અનંતગુણી જાણે છે તેથી તેને ચોરભય ન હોય.

તથા જ્ઞાતા એવા આત્માને અજ્ઞાનતા રૂપ દુઃખ થી છોડાવવાવાળો જાણે તેથી સ્વયંનો પોતાના આત્મા એ શરણભૂત છે તેને હવે અશરણ ભય નથી.

તથા જ્ઞાતા એવો આત્મા પોતાને સદા પરમાનંદમય જાણે છે તેથી જ્ઞાતા એવા સમ્યક્ત્વીને અકસ્માત્ભય નથી.

તે જ્ઞાતા જ્ઞાનમય સદા પોતાના આત્માને જાણતો સદાકાળ નિર્ભય રહે છે.

હવે સમ્યક્ત્વનો ૨ જો ગુણ નિઃકાંક્ષા ગુણ કહેવાય છે :-
કાંક્ષા એટલે વાંછા અર્થાત્ જે સુખમાં મગ્ન હોય નહીં અને દુઃખમાં વલોપાત કરે નહીં. ભવિષ્યકાળમાં સુખની ઈચ્છા કરે નહીં. તે પછી દુઃખથી ડરે નહીં.

૩ જો ગુણ જ્ઞાતા = જ્ઞાનમય એવો પોતાના આત્માને સિદ્ધ સમાન વિચારતો અવાંછક છે. દુર્ગંછા અશુભ ભાવથી તે સમ્યક્ત્વી શુભાશુભ સર્વકર્મનાં ગુણ જાણે.

સ્વયં નો આત્મા એ તો સદા જ્ઞાનાનંદમય છે તે ક્યારેય પુદ્ગલમાં દુર્ગંછા કરે નહીં.

૪ થો અમૂઢદૃષ્ટિ ગુણ કહેતા — પરવસ્તુ અને પરપરિણતિમાં આ અમૂઢદૃષ્ટિ જીવ કદાપિ મૂંઝાય નહીં. સર્વ સ્વ સ્વભાવ અને પરસ્વભાવ ભિન્ન-ભિન્ન કરી જાણે.

૫ મો ઉપગૂહન ગુણ કહેતાં જે પોતાના વીર્યને અવગણે નહીં એટલે જેવો એક આત્મા શુદ્ધ સ્વરૂપી દ્રવ્યાર્થિક નયે કરી ત્રિગુણમય છે તેને તેવો જાણે ઓળખે તેમાં રત રહે તેને જ્ઞાતા કહેવાય.

૬ ઠ્ઠો સ્થિરીકરણ ગુણ તેમાં પોતાના આત્માને પોતાના ગુણો વડે સ્થિર કરે તે તેમજ તે આત્મા સદાકાળ પરપરિણતિને ન ઈચ્છે.

૭ મો વાત્સલ્યગુણ તે જે આપણા સાધર્મિક એટલે કે મોક્ષનાં સાધક એવા જ્ઞાનાદિ ગુણ તેની વાત્સલ્યતા કેળવવી તે તે જ્ઞાનગુણને પુષ્ટ કરવો તે જ જ્ઞાનગુણ જાણવો તે જ આત્મા આ રીતે જોઈને આચરવો. સ્યાદ્વાદપણે કરી તે વાત્સલ્ય ગુણ કહેવાય.

૮ મો ગુણ તે પ્રભાવના

બાહ્યપણે તથા અંતરંગ પણે પોતાના આત્માનાં ગુણોનું પ્રભાવન કરવું તે પ્રભાવક કહેવાય.

એ આઠ ગુણ સમ્યક્ત્વીનાં જાણવા.

# સોઽહં નાં અર્થ :-

હવે સમ્યક્ત્વી આત્મા સોઽહં બીજ ને પોતાના આત્મામાં દિપાવે તે સોઽહં નાં અર્થ કહેવાય છે :-

ત્રણ કાળ - અતીત - અનાગત અને વર્તમાન
ત્રણ અવસ્થા - આદિ - મધ્ય - અન્ત
ત્રણ લોક - સ્વર્ગ - મર્ત્ય - પાતાલ
ત્રણ પરિણામ - ઉત્પાદ - વ્યય - ધ્રુવ

આ બધાને એક સમય માં જાણે છે જેમાં એવા એ છ દ્રવ્ય નાં અનંત ગુણ પર્યાય ને જાણે એવો અનંતજ્ઞાનમય સોઽહં
તથા સદા કાળ ચેતના લક્ષણ સોઽહં
અનાકાર ઉપયોગમય અનંતદર્શનવાન્ સોઽહં
સમસ્ત પરભાવ પરપરિણતિ પરિણમન રૂપ પરિત્યાગમય સ્વસ્વભાવ ગુણને વિષે સ્થિરતાવંત અનંત ચારિત્રમય સોઽહં
અરૂપી નિર્મલ ગુણવાન્ લોકાલોક ભાસમાન સોઽહં
સકલ કર્મક્ષય કારણ અનંતવીર્યમય સોઽહં
સદાકાળ અબાધા પીડા રહિત પરમાનંદમય સોઽહં
લોકાલોક નાં જાણ સ્વ અવગાહના સંબંધી તે સોઽહં
ષડ્ગુણ વૃદ્ધિ હાનિ પરિણામી અગુરુલઘુત્વશક્તિમય સોઽહં

એક હું અનેક હું નિત્ય હું અનિત્ય હું સિદ્ધ બુદ્ધ અજર અવિનાશી અયોગી અભોગી અલેસી અબંધી અવેદી અભેદી અકર્તા અનાહારક અશરીરી અનાદિ અનંત અવત્તવ્ય અપરંપર એવા પરમાત્મા પરમાનંદમય શિવ શંકર ભગવાન અવિનાશી અતિન્દ્રિય તે સોઽહં
ધ્યાન ધ્યાતા ધ્યેયમય
જ્ઞાન જ્ઞાતા જ્ઞેયમય સોઽહં

એવો હું પરમાત્મા પરમજ્યોતિ પરમશક્તિ પંચપરમેષ્ઠિ પરમપૂજ્ય એવા પરમ પરમાત્મા છે.

દ્રવ્યનયે કરી એ આત્મા અનંતદર્શનમય છે.

શુદ્ધ સંગ્રહનયે કરી સિદ્ધ સ્વરૂપી
પંચાચાર ના નિધાન હોવાથી આચાર્ય

Date

My Notes

સ્યાદ્વાદ સ્વરૂપમય હોવાથી ઉપાદેય
મોક્ષમાર્ગ સાધક હોવાથી સાધુ
આ પરમાત્મા ધ્યેય ઉપાદેય સજ્જનોને સંસારમાં
શરણભૂત છે.

તથા શ્રી હેમચન્દ્રાચાર્યજીએ વીતરાગસ્તોત્રમાં કહ્યું છે કે —
યઃ પરાત્મા પરં જ્યોતિઃ પરમઃ પરમેષ્ઠિનામ્
આદિત્યવર્ણં તમસઃ પરસ્તાદામનન્તિ યમ્ ॥ વી.સ્તો. ૧,૧.॥
સ શ્રદ્ધેયઃ સ ચ ધ્યેયઃ પ્રપદ્યે શરણં ચ તમ્ ઇતિવચનાત્ પ્ર. ૧ શ્લો. ૪॥

## મોક્ષમાર્ગનું મૂળ :-

એવા આત્માને જાણે તેને જ્ઞાન કહેવાય.
એવા આત્માનાં સ્વરૂપની પ્રીત તેમાં પ્રતીતિ કરવી તે દર્શન
એવા આત્માનાં સ્વરૂપમાં રમણ કરવું, રાગદ્વેષ, ઇન્દ્રિય, ભોગ, કષાયની
ઇચ્છા રૂપ પરિણતિ તે મનમાં લાવવી નહી વિચારવી નહી તે ચારિત્ર
એમ આ ત્રણ મોક્ષમાર્ગ છે. કહેવાય.
બીજું સર્વ અજ્ઞાનતામય હોય છે.
એ વિધિ જાણી સ્વ સ્વભાવ પર સ્વભાવ ભિન્ન કરી ઓળખે
એ ભેદ કરી જ્ઞાન એ મોક્ષમાર્ગનું મૂળ છે.
આ રીતે મોક્ષાર્થી સ્યાદ્વાદ સ્વરૂપ છે.
આ ષડ્દ્રવ્ય વગેરેને જાણવાવાળો થાય.

ઇતિ આત્મપ્રાપ્તિવિધિ સંપૂર્ણ

ગાથા — લોકસ્વરૂપ :-

કેણ વિ ન કઓ ન ધરિઓઽણાહારે ણહટ્ઠિઓ સયંસિદ્ધો ।
અહમુહમલ્લગઠિઓ ભહુમલ્લગસંપુડસરિચ્છો - લોક. દ્વા. ૩.

અર્થ :-
આ લોક કોઈએ કર્યો નથી કોઈએ ધર્યો પણ નથી અનાધારક એટલે
કોઈએ ધારણ કર્યો નથી કોઈનાં આધારે નથી નભસ્થિત કહેતા -
આ લોક આકાશમાં રહ્યો છે. સ્વયંસિદ્ધ કહેતાં એ પોતાની રીતેજ
સિદ્ધ છે તે કેવા આકારનો છે? તે કહે છે મલ્લક એટલે શરાવલું = કોડીયું
તેમાં એક મોટુ કોડીયુ ઉંધા મુખે નીચે સ્થાપન કરીએ એના ઉપર બીજુ ઉર્ધ્વમુખે

My Notes Date

કોડીયુ સ્થાપન કરીએ તેના ઉપર બીજું નાનુ કોડીયુ તે અધોમુખ સ્થાપન કરીએ આમ ત્રણ કોડીયા ઉપરાઉપર રાખીએ જેવો એનો આકાર થાય તેવો આકાર લોક નો છે.

સામગ્ગી અભાવાઓ વવહારરાસિપ્પિ અપ્પમત્તાઓ ।
ભવ્વા વિ તે અનંતા જે મુત્તિસુહં ન પાવંતિ ॥

## નયસ્વરૂપ:

અર્થ: હવે આ નયને પ્રમાણ કહીએ કે અપ્રમાણ ?
પ્રમાણ તે યથાર્થ નું કથન અને
અપ્રમાણ તે અયથાર્થ નું કથન જો કોઈ પૂછે તો આમ જવાબ આપવો. જેથી કરીને કહ્યુ છે કે:

નાપ્રમાણં પ્રમાણં વા પ્રમાણાંશસ્તથૈવ હિ ।
નાસમુદ્ર: સમુદ્રો વા સમુદ્રાંશો યથૈવ હિ ॥ સપ્તનય. ૫.૨ ॥

અહીં નય છે તે પ્રમાણ નો અંશ છે જે પ્રમાણ નથી તેમ અપ્રમાણ પણ નથી તે પ્રમાણાંશ કહેવાય. મતલબ તે કથંચિત પ્રમાણ કહેવાય છે સમુદ્રજલ ની પસલી = અંજલી ની જેમ.

જેમ સમુદ્રમાંથી પાણી ની અંજલી ભરી હોય એટલા પાણીને સમુદ્ર ન કહેવાય તેમ ઈતિ વચનાત ।

અને આ રીતે જે અંજલિપ્રમાણ જલને સમુદ્રાંશ કહેવાય તેમ નય ને પણ પ્રમાણાંશ કહેવાય તથા તેમાં રહેલા સમસ્ત અંશો ને પ્રમાણ કહેવાય.

પ્રમાણનયૈરધિગમ: । તત્ત્વા. અ. ૧. સૂ. ૬.

પ્રમાણ અને નયે કરી સકલ વસ્તુનો અધિગમ છે આ વાત તત્ત્વાર્થ સૂત્રમાં છે. તે નય નાં સાત પ્રકાર છે. તે કહેવાય છે. ગાથા:

નેગમ સંગહ વવહાર ઉજ્જુસુએ ચેવ હોઇ બોધવ્વે ।
સદ્દે ય સમભિરુઢે એવંભૂતે ય મૂલનયા ॥ પ્ર. સારો. ૮૪૭ ॥

૧. નૈગમ નય
૨. સંગ્રહ નય
૩. વ્યવહાર નય
૪. ઋજુ સૂત્ર નય

Date

૫. શબ્દનય

૬. સમભિરૂઢનય

૭. એવંભૂતનય

એ સાત મૂળનય કહ્યા.

તેમાં પ્રથમ નૈગમનયનો અર્થ કહે છે.

સામાન્ય તથા વિશેષરૂપે કરીને સહિત એવી વસ્તુને માને પણ એકાંતે સામાન્યરૂપે તથા વિશેષરૂપે જ વસ્તુને જે ન કહે તેને નૈગમનય કહેવાય. ઈત્યાદિ સાત નય સૂત્રાનુસારે જાણવા. તેનો અર્થ કરી પંડિતપુરુષોએ પોતાની મેળે જ સમાધાન મેળવી લેવા.

વળી તત્ત્વાર્થવૃત્તિમાં કહ્યું છે કે —:

નૈગમઃ સઙ્ગ્રહશ્ચૈવ વ્યવહારર્જુસૂત્રકૌ ।
શબ્દઃ સમભિરૂઢૈવમ્ભૂતૌ સપ્ત નયાઃ સ્મૃતાઃ ॥ નયક.૨॥

પ્રત્યેકં ચ શતં ભેદાઃ પ્રાગભુવન્ તથાધુના ।
દ્વિષડ્ભેદાઃ પ્રવર્તન્તે ગ્રન્થે તુ નયચક્રતઃ ॥

ઈત્યાદિ જાણવા યોગ્ય છે.

આ પ્રમાણે

## ચાર્વિકવસ્તુ

## ષડ્દ્રવ્ય

## નયાદિવિચાર

સંપૂર્ણ થયો..

- વૈશાખ-શુદ-૧, ૨૦૭૮
૧/૫/૨૦૨૨.
કુવાળા
- શીલચન્દ્રવિજય.